પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૮ અંક :૧૯ કુલ પાના : ૪ તારીખ : ૧૨-૦૯-૨૦૨૪ ગુરુવાર કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## આવનારો સમય સેમિકન્ડક્ટર ઉદ્યોગનો હશે અને તેમાં ભારતની ભૂમિકા સમગ્ર વિશ્વમાં ખૂબ જ ખાસ હશે,વડાપ્રધાન

લખનૌ

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે ઉત્તર પ્રદેશના ગ્રેટર નોઈડામાં ઈન્ડિયા એક્સ્પો માર્ટ ખાતે સેમિકોન ઈન્ડિયા ૨૦૨૪ કોન્ફરન્સનું ઉદ્ઘાટન કર્યું. આ પ્રસંગે પીએમ મોદીએ કહ્યું કે ભારતમાં રોકાણ કરવાનો આ શ્રેષ્ઠ સમય છે. ભારત સેમિકન્ડક્ટરના ક્ષેત્રમાં વૈશ્વિક ખેલાડી બનવાનું સપનું જોઈ રહ્યું છે. પીએમ મોદી ભારતના આ સપનાને સાકાર કરવા માટે તમામ પ્રયાસ કરી રહ્યા છે. પીએમ મોદીએ કહ્યું છે કે આવનારો સમય સેમિકન્ડક્ટર ઉદ્યોગનો હશે અને તેમાં ભારતની ભૂમિકા સમગ્ર વિશ્વમાં ખૂબ જ ખાસ હશે.

સેમિકોન ઈન્ડિયા ઈવેન્ટમાં બોલતા પીએમ મોદીએ કહ્યું, "ભારત વિશ્વનો ૮મો દેશ છે જ્યાં વૈશ્વિક સેમિકન્ડક્ટર સંબંધિત આ ભવ્ય ઈવેન્ટનું આયોજન કરવામાં આવી રહ્યું છે અને હું કહી શકું છું કે ભારતમાં રહેવાનો આ યોગ્ય સમય છે... તમે અહીં છો. યોગ્ય સમયે યોગ્ય સ્થાન." પરંતુ... આજે ભારત વિશ્વને વિશ્વાસ આપે છે." તમે ભારતીય ડિઝાઈનરોની પ્રતિભા સારી રીતે જાણો છો. ડિઝાઈનર્સની દુનિયામાં ભારત ૨૦% પ્રતિભાનું યોગદાન આપે છે. તે સતત વિસ્તરી રહ્યું છે. અમે ૮૫ હજાર ટેકનિશિયન, એન્જિનિયરો અને આર એન્ડ ડી નિષ્ણાતોની સેમિકન્ડક્ટર વર્ક ફોર્સ તૈયાર કરી રહ્યા છીએ. ભારતનું ધ્યાન તેના વિદ્યાર્થીઓ અને વ્યાવસાયિકોને સેમિકન્ડક્ટર ઉદ્યોગને તૈયાર કરવા પર છે.

પીએમએ કહ્યું કે આજનો યુગ સિલિકોન ડિપ્લોમસીનો યુગ છે. આ વર્ષે, તેઓ ઈન્ડો પેસિફિક ફ્રેમવર્કની સપ્લાય ચેઈન કાઉન્સિલના ઉપપ્રમુખ તરીકે ચૂંટાયા હતા. તાજેતરમાં અમે



જાપાન અને સિંગાપોર સહિત ઘણા દેશો સાથે કરારો કર્યા છે. અમેરિકા સાથે સહયોગ પણ સતત વધી રહ્યો છે. કેટલાક લોકો સવાલ ઉઠાવે છે કે ભારત આના પર કેમ ધ્યાન આપી રહ્યું છે. આવા લોકોએ ડિજિટલ ઈન્ડિયા મિશનનો અભ્યાસ કરવો જોઈએ. તેનો ઉદ્દેશ પારદર્શક, અસરકારક અને લીક-પ્રૂફ ફ્રેમવર્ક પ્રદાન કરવાનો હતો. એક તાજેતરનો અહેવાલ એવો આવ્યો છે કે ભારત પર હેન્ડસેટનું સૌથી મોટું બજાર બની ગયું છે. રોલ આઉટ માત્ર બે વર્ષ પહેલા જ શરૂ થયો હતો.

પીએમ મોદીએ કહ્યું કે અમે સેમિકન્ડક્ટર સંબંધિત ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર પણ ધ્યાન આપી રહ્યા છીએ. તે ત્રિ-પરિમાણીય છે. આમાં સુધારાવાદી સરકાર, વિકસતો મેન્યુફેક્ચરિંગ બેઝ, ત્રીજું ઊભરતું બજાર, ટેક્નોલોજીનો સ્વાદ ધરાવતા બજારનો સમાવેશ થાય છે. ઉછ પાવર એક બાસ કે જે ગમે ત્યાં શોધવા મુશ્કેલ છે. ભારત માટે, ચિપનો અર્થ માત્ર ટેકનોલોજી નથી. કરોડો અપેક્ષાઓ પૂરી કરવાનું આ માધ્યમ છે. આજે ભારત ચિપ્સનો મોટો ઉપભોક્તા છે. આ ચિપ પર અમે વિશ્વનું શ્રેષ્ઠ ડિજિટલ પબ્લિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર બનાવ્યું છે. જ્યારે કોરોના રોગચાળા દરમિયાન વિશ્વની મજબૂત બેંકિંગ સિસ્ટમ્સ પણ પડી ભાંગી ત્યારે ભારતની બેંકિંગ સિસ્ટમે શાનદાર કામ કર્યું હતું.

તેમણે વધુમાં કહ્યું કે જે પણ ચાલી રહ્યું છે તે જેમ છે તેમ ચાલુ રહેવા દેવું જોઈએ. આજનું યુવા ભારત આ ભાવનાને અનુસરતું નથી. આજે ભારતનો મંત્ર છે ચિપ્સની સંખ્યા વધારવી, ભારતમાં ઉત્પાદન વધારવું. અમે સેમિકન્ડક્ટરનું ઉત્પાદન વધારવા માટે પગલાં લીધાં. ભારત સરકાર ૫૦ ટકા સહાય આપે છે. રાજ્ય સરકારો પણ તેમના સ્તરે મદદ કરી રહી છે. નીતિઓના કારણે ટૂંકા સમયમાં ૧.૫ ટ્રિલિયન રૂપિયાથી વધુનું રોકાણ કરવામાં આવ્યું છે. આજે ઘણા પ્રોજેક્ટ પાઈપલાઈનમાં છે. સેમીકોન ઈવેન્ટ પણ એક અદ્ભુત યોજના છે. ઉત્પાદન માટે નાણાકીય સહાય આપવામાં આવી રહી છે.

આ પ્રસંગે સીએમ યોગીએ કહ્યું કે રાજયમાં રોકાણ માટે અનુકૂળ વાતાવરણ બનાવવા માટે પગલાં લેવામાં આવ્યા છે. સેમિકન્ડક્ટર,આઈટીસી ડેટા સેન્ટર, ડિફેન્સ અને એરોસ્પેસ,ઈવી, વેરહાઉસિંગ, સ્જીસ્ઈ, ટેક્સટાઈલ અને ટુરિઝમ સંબંધિત ૨૭ નીતિઓ પહેલેથી જ અમલમાં છે. સિંગલ વિન્ડો ઈન્વેસ્ટમેન્ટ દ્વારા ૪૫૦ થી વધુ ઓનલાઈન સેવાઓનું સંચાલન કરવામાં આવી રહ્યું છે. પીએમ મોદીના માર્ગદર્શન અને દૂરંદેશી નેતૃત્વ હેઠળ, ઉત્તર પ્રદેશે આઈટી સેક્ટર, સેમિકન્ડક્ટર, ડેટા સેન્ટર અને ઈલેક્ટ્રોનિક મેન્યુફેક્ચરિંગ પર વિશેષ ધ્યાન આપવા અને આ દિશામાં કેટલાક નવા પ્રયાસો કરવા માટે આ કાર્ય શરૂ કર્યું. છેલ્લા કેટલાક વર્ષોમાં યુપીમાં શરૂ કરાયેલા પ્રયાસોના પરિણામે, આજે દેશના ૫૫% મોબાઈલ ઘટકોનું ઉત્પાદન રાજ્યમાં થઈ રહ્યું છે.

મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે કહ્યું કે સેમિકોન ઈન્ડિયા-૨૦૨૪ ઈવેન્ટ એ ભારતને આત્મનિર્ભર ભારત બનાવવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે. સેમસંગે માત્ર નોઈડામાં તેનું યુનિટ સ્થાપવા માટે રોકાણ કર્યું છે. યુપી પહેલેથી જ વૈશ્વિક સેમિકન્ડક્ટર ડિઝાઈન લીડર તરીક

પોતાને સ્થાપિત કરી રહ્યું છે. રાજ્યમાં છ મોટી કંપનીઓ સ્થપાયેલી છે. સ્થાનિક પ્રતિભાનો લાભ લેવામાં સહાય પૂરી પાડવી.કેન્દ્રીય ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેક્નોલોજી મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે, 'સેમિકન્ડક્ટર ઈકોસિસ્ટમમાં તમામ હિતધારકોની ઉત્સાહપૂર્વક ભાગીદારી એ આપણા વડાપ્રધાનના વિઝનની સફળતા અને તેમણે આ નીતિને જે રીતે વ્યવસ્થિત રીતે કાર્યરત કરી છે તેનું મજબૂત સૂચક છે. વડાપ્રધાન મોદીનું વિઝન ટેક્નોલોજીની પહોંચને લોકશાહી બનાવવાનું છે. અત્યાર સુધી લેવામાં આવેલી તમામ પહેલ, પછી તે ડિજિટલ ઈન્ડિયા મિશન હોય, ટેલિકોમ મિશન હોય, દરેક વસ્તુએ સામાન્ય નાગરિકોના હાથમાં ટેક્નોલોજી લાવી છે. આપણા દેશમાં સેમિકન્ડક્ટર ઉદ્યોગનો વિકાસ આ વિઝનને વધુ ગાઢ બનાવશે.સેમિકોન ઈન્ડિયા-૨૦૨૪ના ઉદ્ઘાટન કાર્યક્રમમાં કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે સેમિકન્ડક્ટરના ક્ષેત્રમાં ભારતીય પ્રતિભાને વિકસાવવા માટે આગામી ૧૦ વર્ષમાં ૮૫ હજાર એન્જિનિયર અને ટેકનિશિયન તૈયાર કરવાનું લક્ષ્ય છે. આ માટે ૧૩૦ યુનિવર્સિટીઓ ઉમેરવામાં આવી છે. અભ્યાસક્રમો સેમિકન્ડક્ટર ક્ષેત્રની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવ્યા છે.પીએમ મોદીએ ઈન્ડિયા એક્સ્પો માર્ટ ખાતે સેમિકોન ઈન્ડિયા ૨૦૨૪નું ઉદ્ઘાટન કર્યું. કેન્દ્રીય મંત્રી અશ્વની વૈષ્ણવે પીએમ મોદીને મેક ઈન ઈન્ડિયાનું ચિહ્ન અર્પણ કર્યું.

## નવરાત્રીમાં દીકરીઓને બચાવવા પાટીદારોએ નિયમો ઘડ્યા, આધારકાર્ડ ફરજિયાત

રાજકોટ

નવરાત્રીમાં લવ જેહાદના કિસ્સાઓ સામે આવતા હોય છે, જેના કારણે અત્યારથી પાટીદાર સમાજ સતર્ક બની ગયો છે. રાજકોટના કડવા પાટીદાર સમાજના યુડી કબલના ગરબમાં ખેલૈયાના પ્રવેશ માટે આધારકાર્ડ ફરજિયાત કરી દેવામાં આવ્યું છે. તમને જણાવી દઈએ કે રાજકોટમાં કડવા પાટીદાર સમાજ દર વર્ષે યુડી કલબના દાંડિયાનું આયોજન કરે છે. જેના કારણે નવરાત્રિમાં લવ જેહાદ રોકવા માટે રાજકોટમાં પ્રયાસ કરાયો છે.

કડવા પાટીદાર આગેવાન પુષ્કર પટેલ દ્વારા એક મોટું નિવેદન આપવામાં આવ્યું છે. નવરાત્રીમાં લવ જેહાદ રોકવા નિવેદન આપ્યું છે. જેમાં તેમણે સૂચવ્યું છે કે અર્વાચીન ગરબાના આયોજકોએ આધારકાર્ડ અને ફોટો લેવો જોઈએ, જેથી લવ જેહાદ જેવી ઘટનાઓ અંગે જાણકારી મળી શકે યુડી કલબ નવરાત્રીના



પાસ માટે આધારકાર્ડ લઈને જ પાસ ઈસ્યુ કરવામાં આવી રહ્યા છે.

ગુજરાતમાં નવરાત્રિ દરમિયાન કોઈ લવ જેહાદના કિસ્સા ન બને માટે કડવા પાટીદાર સમાજના ઉ કલબના રાસ-ગરબાના આયોજકે કેટલાક નિયમો ઘડ્યાં છે. કડવા પાટીદાર સમાજના યુડી કલબના રાસ-ગરબાના આયોજકે ખેલૈયાની એન્ટ્રી માટે આધારકાર્ડ ફરજિયાત બનાવ્યું છે. આધારકાર્ડ વિના એન્ટ્રી કે ગરબાના પાસ નહિ મળી શકે. તમને જણાવી દઈએ કે દર વર્ષે કડવા પાટીદાર સમાજનો ઉ કલબના રાસ-ગરબા યોજાઈ છે. આ વર્ષે પણ યુડી કલબ ગરબાનું આયોજન કરવા જઈ રહ્યું છે. પાટીદાર સમાજના નવરાત્રિને લઈને લેવામાં આવેલા આ નિર્ણય સાથે અન્ય અર્વાચીન ગરબા આયોજકો પણ જોડાયા છે.

નોંધનીય છે કે, ૩ ઓક્ટોબર ગુરુવારથી નવરાત્રિનો પ્રારંભ થઈ રહ્યો છે. હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યાં હોવાથી પાર્ટી પ્લોટમાં અન કલબમાં ગરબાનું આયોજન કરતા ગરબા આયોજકો પણ આયોજનના કામમાં વ્યસ્ત થઈ ગયા છે.

## ભૂકંપથી હચમચી ઉઠ્યું પાકિસ્તાન, દિલ્હી-એનસીઆર સુધી આંચકા અનુભવાયા

નવીદિલ્હી

દિલ્હી એનસીઆરમાં ભૂકંપના આંચકા અનુભવાયા છે. પ્રાપ્ત માહિતી અનુસાર, આ આંચકા જમ્મુ-કાશ્મીર, હરિયાણા અને પંજાબમાં પણ અનુભવાયા હતા. ભૂકંપનું કેન્દ્ર અફઘાનિસ્તાન-પાકિસ્તાનમાં હોવાનું કહેવાય છે. રિક્ટર સ્કેલ પર તેની તીવ્રતા ૫.૮ આંકવામાં આવી છે. જ્યારે તેનું કેન્દ્રબિંદુ જમીનથી ૩૩ કિલોમીટર નીચે હોવાનું કહેવાય છે. તમને જણાવી દઈએ કે ભૂકંપ ટેક્ટોનિક મૂવમેન્ટના કારણે આવે છે. પૃથ્વીની અંદર કુલ સાત મુખ્ય ટેક્ટોનિક પ્લેટો છે. જે આખો સમય ફરતા રહે છે. જ્યારે આ પ્લેટો એકબીજા સાથે અથડાય છે, ત્યારે જમીન ઉપર ભૂકંપના આંચકા અનુભવાય છે.

થોડા દિવસ પહેલા જ દિલ્હી-એનસીઆરમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા. તે દરમિયાન અફઘાનિસ્તાનમાં એટલો જોરદાર ભૂકંપ આવ્યો કે દિલ્હી-એનસીઆરમાં



પણ ધરતી ધ્રૂજી ગઈ. તે દરમિયાન ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૫.૭ માપવામાં આવી હતી. આ ભૂકંપ ૨૫૫ કિમીનો હતો. પૃથ્વીના ઊંડાણમાં નોંધાયેલું હતું. અફઘાનિસ્તાનના સમય અનુસાર સવારે ૧૧.૨૬ વાગ્યે ભૂકંપ આવ્યો, જેની અસર દિલ્હી સુધી જોવા મળી.ભૂકંપના આંચકાના કારણે દિલ્હી-એનસીઆર સહિત દેશના અનેક શહેરોમાં લોકો ગભરાટમાં આવી ગયા હતા. જયપુરમાં ઘણા લોકો ડરીને ઘરની બહાર નીકળી ગયા હતા. તેવી જ રીતે જમ્મુ-કાશ્મીરમાં પણ ભૂકંપના કારણે લોકોમાં ભયનો માહોલ જોવા મળ્યો હતો. જો કે હજુ સુધી ભૂકંપના કારણે જાનમાલના નુકસાનના કોઈ સમાચાર નથી.

## સુરતમાં સૈયદપુરા બાદ અસમાજિક તત્ત્વોનો વરિયાવી બજારમાં ફરી કાંકરીચાળો

સુરત

સુરતમાં વરિયાવી બજાર માં અસમાજિક તત્ત્વો દ્વારા ફરી કાંકરીચાળો કરાયો. સૈયદપુરા બાદ વરિયાવી બજારમાં આવેલ ગણપતિ મંડપ પર કાંદા અને બટાકા ફેંકવામાં આવ્યા. શહેરમાં ૮ સપ્ટેમ્પરના રોજ ગણપતિ પંડાલ પર સગીરો દ્વારા પથ્થર મારો કરાયો હતો. હવે શહેરમાં ફરી એકવાર અસમાજિક તત્ત્વો દ્વારા વાતાવરણ ડહોળવાનો પ્રયાસ કરવામાં આવ્યો.

શહેરમાં વરિયાવી વિસ્તારમાં ગણપતિ મંડપ પર કાંદા બટાકા ફેંકવામાં આવ્યા. અસમાજિક તત્ત્વોનો આતંક વધી રહ્યો છે. ખાસ કરીને અત્યારે ગણેશ ઉત્સવનો તહેવાર ચાલી રહ્યો છે ત્યારે લોકોને ડરાવવા ગણેશ પંડાલને નિશાન બનાવવામાં આવી રહ્યા છે. ૫ દિવસની અંદર શહેરમાં વધુ એક ગણેશ મંડપને નિશાન બનાવતા સ્થાનિક લોકોમાં ભય ફેલાયો. જો કે આ બનાવ બાદ વરિયાવી બજારમાં ગણેશ મંડપ પાસે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવાયો. પરંતુ તહેવાર દરમ્યાન અસમાજિક તત્ત્વો દ્વારા થતી વારંવાર આવી હેરાનગતિને લઈને શહેરના અન્ય વિસ્તારમાં આવેલ ગણેશ પંડાલમાં ચુસ્ત વ્યવસ્થા તૈનાત કરવાને લઈને માંગ કરવામાં આવી છે.

શહેરમાં ૫ દિવસ પહેલા ૮ સપ્ટેમ્બરના રોજ સૈયદપુરાના ગણેશ પંડાલ પર અજાણ્યા છ કિશોરો દ્વારા પથ્થરો ફેંકવામાં આવ્યા હોવાની ઘટના બની હતી. જેના બાદ સમગ્ર શહેરમાં અરાજકતાનો માહોલ છવાયો હતો. જો કે ગૃહમંત્રી અને પોલીસ દ્વારા તાત્કાલિક પગલાં લેવાતા સ્થિતિ થાળે પડી હતી. પરંતુ ફરી એકવાર શહેરમાં ગણેશ મંડપને નિશાન બનાવતા હવે અસમાજિક તત્વોએ પથ્થરના બદલે ડુંગળી અને બટાકા ફેંકયા હતા. સૈયદપુરાની ઘટનામાં પોલીસ તપાસમાં ચોંકાવનારી માહિતી સામે આવી હતી કે આ એક ષડયંત્ર છે. આ ઘટનાને લઈને કેટલાક જાણકારોએ ભીતિ વ્યક્ત કરી હતી કે કેટલાક લોકોની ઉશ્કેરણીને પગલે કાશ્મીર સ્ટાઈલમાં સગીરોનો ઉપયોગ કરી તહેવાર દરમ્યાન શાંતિ ડહોળવા પ્રયાસ કરાઈ રહ્યા છે. હાલમાં પોલીસે સૈયદપુરા અને વરિયાવી બજારની સ્થિતિ પર નિયંત્રણ કર્યું છે. જો કે રાજ્યની પોલીસ આ ઘટના બાદ વધુ સતર્ક થતા ગણેશ ઉત્સવ દરમ્યાન તોફાની તત્વોને કાબૂમાં કરી રહી છે.

## ચાઈનીઝ લસણનો વિરોધ : રાજકોટ સહિત સૌરાષ્ટ્રના તમામ માર્કેટિંગ યાર્ડમાં લસણની હરાજી બંધ

રાજકોટ

પ્રતિબંધિત ચાઈનીઝ લસણની આવક મામલે રાજકોટ સહિત સમગ્ર દેશના માર્કેટિંગ યાર્ડમાં લસણના વેપારીઓ દ્વારા એક દિવસ માટે લસણના વેપારથી અળગા રહેવાની જાહેરાત કરવામાં આવી હતી. ત્યારે રાજકોટ સહિત સૌરાષ્ટ્રના તમામ માર્કેટિંગ યાર્ડમાં લસણની હરાજી સહિતની પ્રક્રિયાથી વેપારીઓ દૂર રહ્યા હોવાનું સામે આવ્યું છે.

તાજેતરમાં જ ગોંડલ માર્કેટ યાર્ડમાં ઉપલેટાના અલ્તાબ નામના ખેડૂત દ્વારા લસણના ૩૦ કટ્ટાની આવક કરવામાં આવ્યા બાદ તે લસણ ચાઈનીઝ હોવા બાબતે રોષ ભભૂક્યો હતો. જેના કારણે તે લસણનો જથ્થો ગોંડલ સીટી બી ડિવિઝન પોલીસ દ્વારા સીઝ કરવામાં આવ્યો છે. ત્યારે સમગ્ર મામલે હાલ જાણવાજોગ ફરિયાદ નોંધ કરવામાં આવી છે. તેમજ સમગ્ર મામલે લસણને પરીક્ષણ અર્થે લેબમાં



પણ મોકલવામાં આવ્યું છે. તો સાથો સાથ જે ખેડૂત દ્વારા લસણ ગોંડલ માર્કેટ યાર્ડમાં લાવવામાં આવ્યું હતું તેની પણ પૂછપરછ સહિતની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

સામાન્ય રીતે લસણનું વાવેતર માત્રને માત્ર શિયાળામાં જ કરવામાં આવતું હોય છે. તેમજ લસણ રાજસ્થાન, મધ્ય પ્રદેશ, હિમાચલ પ્રદેશ સહિતના રાજ્યમાં સારા પ્રમાણમાં થતું હોવાનું પણ સામે આવે છે. જેના કારણે સૌરાષ્ટ્રમાં પણ રાજસ્થાન, મધ્ય પ્રદેશ, હિમાચલ પ્રદેશ સહિતના રાજ્યોમાંથી લસણ વેચાવવા આવે છે.

છેલ્લા બે વર્ષથી લસણના રેકોર્ડ બ્રેક સારા ભાવ મળવાના કારણે ધીરે ધીરે ખેડૂતો હવે લસણની ખેતી તરફ પાછા ફરી રહ્યા છે. અગાઉ ખેડૂતોનું લસણ ૧૫૦ રૂપિયા પ્રતિ કિલો પણ વહેંચાતું હતું. જેના કારણે ખેડૂતોને પારાવાર નુકસાન વહોરવાનો પણ વારો આવતો હતો. અગાઉ ખેડૂતોને પોષણક્ષમ ભાવ ન મળતા તેઓના દ્વારા લસણના વાવેતર પર બ્રેક લગાવવામાં આવી હતી. તેની અસર હાલ પણ જોવા મળી રહી છે.

હાલ માર્કેટિંગ યાર્ડમાં જે પ્રમાણમાં લસણની માંગ જોવા મળી રહી છે, તે પ્રમાણમાં ઉત્પાદન ઓછું આવતા ખેડૂતોને લસણના સારા એવા ભાવો પણ મળી રહ્યા છે. હાલ રાજકોટ માર્કેટિંગ યાર્ડમાં ૨૦ કિલો લસણના ૪૫૦૦ થી લઈ ૬૫૦૦ સુધીના ભાવ મળી રહ્યા છે. હવે લસણના સારા ભાવ મળી રહ્યા છે તેમજ દિવસેને દિવસે માંગ પણ વધી રહી છે.

## રશિયા પર યુક્રેને એક સાથે ૧૦ શહેરો પર કર્યો ભીષણ હુમલો, ૩૦ ફ્લાઈટ રદ કરાઈ

મોસ્કો

છેલ્લા અઢી વર્ષથી ચાલી રહેલા રશિયા સામેના યુદ્ધમાં યુક્રેને ગઈકાલે રાત્રે મોસ્કો પર સૌથી ગંભીર હુમલો કર્યો છે. યુક્રેને રશિયાની રાજધાની મોસ્કો સહિત અનેક વિસ્તારોને નિશાન બનાવીને રાતોરાત ૧૪૦ થી વધુ ડ્રોન લોન્ચ કર્યા છે. રશિયન અધિકારીઓએ મંગળવારે યુક્રેનિયન હુમલાની પુષ્ટિ કરી હતી મોસ્કો પ્રદેશના ગવર્નર આન્દ્રે વોરોબ્યોવે જણાવ્યું હતું કે ડ્રોને મોસ્કો નજીક રામેન્સકોયે શહેરમાં બે બહુમાળી રહેણાંક ઈમારતોને નિશાન બનાવી હતી, જેના કારણે આગ લાગી હતી. તેમણે કહ્યું કે આ હુમલામાં એક મહિલાનું મોત થયું છે અને ત્રણ લોકો ઘાયલ થયા છે.

વોરોબ્યોવે જણાવ્યું હતું કે ક્ષતિગ્રસ્ત ઈમારતોની નજીકની પાંચ રહેણાંક ઈમારતો ખાલી કરાવવામાં આવી હતી. આ હુમલાને કારણે સત્તાવાળાઓએ મોસ્કો નજીકના ત્રણ



એરપોર્ટ – વનુકોવો, ડોમોડેડોવો અને ઝુકોવસ્કીને અસ્થાયી રૂપે બંધ કરી દીધા. રશિયાની સિવિલ એવિએશન ઓથોરિટી, રોસાવિઆતસિયાના જણાવ્યા અનુસાર, કુલ ૪૮ ફ્લાઈટ્સ અન્ય એરપોર્ટ પર ડાયવર્ટ કરવામાં આવી હતી, જ્યારે ૩૦ થી વધુ ફ્લાઈટ્સ રદ કરવામાં આવી હતી. હુમલા બાદ એરપોર્ટની બહાર પાર્ક કરેલી બસમાં પણ આગ લાગી હતી.

મોસ્કોમાં ડ્રોન હડતાલનો કાટમાળ શહેરની સીમમાં આવેલા એક ખાનગી મકાન પર પડ્યો હતો, મેયર સેરગેઈ સોબ્યાનિને જણાવ્યું હતું, પરંતુ કોઈ જાનહાનિ થઈ નથી. તેઓએ મોસ્કો તરફ જતા ડઝનેક ડ્રોન જોયા જે શહેરની નજીક આવતા જ સેનાએ તોડી પાડ્યા હતા. રશિયાના સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું કે તેણે નવ રશિયન પ્રદેશોમાં યુક્રેન દ્વારા છોડવામાં આવેલા કુલ ૧૪૪ ડ્રોનને તોડી પાડ્યા છે.

મીડિયા અહેવાલો અનુસાર, રાજધાની મોસ્કો સિવાય, યુક્રેને કુર્સ્ક, બેલ્ગોરોડ, ક્રાસ્નોદર, વોરોનેઝ, બુર્યાન્સ્ક, કિરોવ, કાલુગા, તુલા અને ઓરીઓલ સહિત દસ રશિયન શહેરો પર ડ્રોન હુમલા કર્યા છે. રશિયાનું કહેવું છે કે આ હુમલાઓ આતંકવાદી હુમલા સમાન છે કારણ કે તેણે ૨૦૨૨માં તેના ઠેકાણાઓ પર હુમલો કરીને ભારે નુકસાન કર્યું છે.

રશિયાની જીઉૅ અને બાઝા ટેલિગ્રામ ચેનલોએ બહુમાળી રહેણાંક ઈમારતોમાંથી બહાર નીકળતી જ્વાળાઓના વીડિયો પોસ્ટ કર્યા છે. પોસ્ટમાં કહેવામાં આવ્યું છે કે બહુમાળી ઈમારતના ૫ ફ્લેટ ધ્વસ્ત થઈ ગયા છે. રશિયન સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું કે યુક્રેનની સરહદ નજીક બ્રાયનસ્ક ક્ષેત્રમાં ૭૨ યુક્રેનિયન ડ્રોનને અટકાવવામાં આવ્યા હતા. મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે કુર્સ્ક પર ૧૪ અને તુલા પર ૧૩ ડ્રોનનો નાશ કરવામાં આવ્યો હતો. આ સિવાય ૫ અન્ય વિસ્તારોમાં ૨૫ ડ્રોન રોકવામાં આવ્યા છે.

સપ્ટેમ્બરની શરૂઆતમાં રશિયાએ એનર્જી અને પાવર સુવિધાઓને નિશાન બનાવ્યા બાદ મંગળવારે યુક્રેનનો આ બીજો હુમલો છે. રશિયાનો તુલા પ્રદેશ, જે મોસ્કોની ઉત્તરે સ્થિત છે, તે રશિયાનું મહત્વપૂર્ણ ઊર્જા અને બળતણ કેન્દ્ર છે. યુક્રેને આ કેન્દ્રને નિશાન બનાવીને ડ્રોન હુમલા કર્યા છે. જો કે, રશિયન સરકારી મીડિયાના અહેવાલો અનુસાર, તુલા રાશિના કેન્દ્રને નુકસાન થયું નથી. આ હુમલાનો બદલો લેવા માટે રશિયાએ ખાર્કિવ અને યુક્રેનના અન્ય ઘણા વિસ્તારોમાં પણ જોરદાર હુમલો કર્યો છે. મંગળવારના હુમલા અંગે યુક્રેન તરફથી તાત્કાલિક કોઈ ટિપ્પણી કરવામાં આવી નથી. બંને પક્ષોએ નાગરિકોને નિશાન બનાવવાનો ઈનકાર કર્યો છે, તેમ છતાં બંને પક્ષોના હુમલામાં નાગરિકો માર્યા ગયા છે.ઈનકાર કર્યો છે, તેમ છતાં બંને પક્ષોના હુમલામાં નાગરિકો માર્યા ગયા છે.

## બધા ઘરમાં ટ્યૂબ-દોરડા રાખી પૂરની સ્થિતિમાં જીવતા શીખો, ભાજપના નેતા

અમદાવાદ

પદ-પ્રતિષ્ઠા હાથમાં આવતા ઘણાં લોકો હાથમાં રહેતા નથી. સત્તાધીશોના ઘણીવાર એવા નિવેદનો આવતા હોય છે. ફરી એકવાર આવું જ કંઈક એક ભાજપના નેતાએ કર્યું છે. જીહાં, સત્તાના મધમાં વડોદરા ભાજપના સ્ટેન્ડિંગ કમિટિના ચેરમેને શહેરીજનોને લઈને એવું નિવેદન આપ્યું છેકે, સાંભળીને તમારું પણ લોહી ઉકળી જાય. એક તરફ વડોદરામાં વિશાનક પુરની સ્થિતિને કારણે જનજીવન હજુ પણ ઠાળે પડ્યું નથી. લોકોને કરોડો રૂપિયાનું જાનમાલનું નુકસાન થઈ ગયું છે. આવી સ્થિતિમાં નેતાજી કહેછેકે, પૂરમાં રહેતા શીખી જાઓ...

વડોદરા મહાનગર પાલિકાના સ્ટેન્ડિગ કમિટિના ચેરમેન શિતલ મિસ્ત્રીએ કહ્યુંકે, પૂરની સ્થિતિને પગલે લોકોએ ઘર દીઠ એકએક ટ્યુબ વસાવીને રાખવી જોઈએ. જયાં મોટી સોસાયટીઓ હોય ત્યાં એક તરાપો અને દોરડા રાખવા જોઈએ. શિતલ મિસ્ત્રી બોલ્યા, લોકો તંત્ર પર આક્ષેપ કરવાની જગ્યાએ ઘરમાં ટ્યૂબ, દોરડા, તરાપો રાખે... પૂરની સ્થિતિ સાથે જીવતા શીખો...વરસાદ તો દર વર્ષે આ રીતે જ આવવાનો છે. જેથી ભારે વરસાદ અને પુરની સ્થિતિ સાથે જીવતા લોકોએ હવે શીખી લેવું જોઈએ.

વડોદરા સ્ટેન્ડિગ કમિટિના ચેરમેનના નિવેદનથી વિવાદ. સ્ટેડિંગ કમિટી ચેરમેન શીતલ મિસ્ત્રીએ જણાવ્યુંકે, મારા નિવેદન બદલ હું દિલગીર છું. મારો ઈરાદો કોઈની લાગણી દુભાવાનો નહોતો. મારી લાગણી જવાબદારી માંથી છટકવાની નહોતી.

વીએમસીના વિપક્ષના નેતા અમી રાવતે જણાવ્યુંકે, જવાબદાર તંત્ર અને સત્તાપક્ષ પોતાની જવાબદારીમાંથી છટકી રહ્યું છે. લોકો હેરાન પરેશાન છે. આવા નિવેદનોથી પ્રજા પરેશાન છે. પ્રજાની પડખે રહેવાને બદલે પ્રજાની આવી ક્રુર મજાક કરવી યોગ્ય નથી.

## ભાદરવી પૂનમ મહા મેળામાં પદયાત્રિકો માટે અંબાજી મંદિરમાં ૩ લાખ ૨૫ હજાર કિલો મોહનથાળ નો પ્રસાદ

અંબાજી

શક્તિપીઠ યાત્રાધામ અંબાજીમાં ભાદરવી પૂનમ મહા મેળામાં પદયાત્રિકો માટે અંબાજી મંદિર ૩ લાખ ૨૫ હજાર કિલો મોહનથાળ નો પ્રસાદ બનાવી રહ્યું છે.ભાદરવી પૂનમના મેળા ને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે યાત્રાધામ અંબાજી મેળામાં આવતા લાખો શ્રદ્ધાળુ માતાજીના મોહનથાળા પ્રસાદનું મહત્વ છે કે જે યાત્રિકો અંબાજી અવિશક્તા નથી તેમના માટે મોહનથાળ નો પ્રસાદ માતાજીના દર્શન બરાબર હોય છે અને માતાજી ના દર્શને આવેલા યાત્રિકો અચૂક માં અંબે ના મોહનથાળ નો પ્રસાદ સાથે લઈ જતા હોય છે અંબાજી આવતા આ લાખો પદયાત્રીઓની પ્રસાદની માંગ સંતોષવા માટે અંબાજી મંદિર દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા આજથી મોહનથાળાનો પ્રસાદ બનાવવાની કામગીરીનો પ્રારંભ કર્યો છેઅંબાજી મંદિર ટ્રસ્ટ દ્વારા આ મેળામાં યાત્રિકો ના પ્રસાદની માંગ સંતોષવા માટે ત્રણ લાખ કિલો ઉપરાંત પ્રસાદ બનાવવાનું આયોજન હાથ ધરાયું છે જોકે આ મોહનથાળના પ્રસાદમાં ચનો લોટ કકરુ બેષણ ,ખાંડ, શુદ્ધ દેશી ઘી ,સાથે ઈલાયચી નો મિશ્રણ તૈયાર કરી આ મોહનથાળ નો પ્રસાદ બનાવવામાં આવે છે જ્યારે મને ટ્રસ્ટ દ્વારા આ ૩ લાખ ૨૫ હજાર કિલો મોહનથાળ નો પ્રસાદ બનાવી રહ્યું છે ત્યારે તેમાં એક લાખ કિલો કકરું બેસણ, દોઢ લાખ કિલો ખાંડ ,૭૫ હજાર કિલો શુધ્ધ ઘી, અને ૨૦૦ કિલો ઈલાયચીનો વપરાશનો અંદાજ કરવામાં આવ્યો છે ,જેમાંથી યાત્રિકોને આપાતા નાના મોટા ૨૫ લાખ જેટલા પ્રસાદ ના પેકેટ તૈયાર કરવામાં આવશે.

## ભાવનગર પંથકમાં ધોધમાર વરસાદ, અનેક વિસ્તારોમાં ઘુંટણસમા પાણી ભરાયા

ભાવનગર

હવામાન વિભાગની આગાહી વચ્ચે ભાવનગર પંથકમાં ભારે પવન સાથે વરસાદ વરસ્યો છે. ભાવનગરના તલગાજરડાના રતોલ ગામે ધોધમાર વરસાદ વરસ્યો છે. ગ્રામ્ય વિસ્તારોમાં ધોધમાર વરસાદ ખાબક્તા અનેક રસ્તા પર ઘુંટણસમા પાણી ભરાયા છે. ત્યારે ટ્રેક્ટર ચાલક જોખમી રીતે પાણીમાંથી પસાર થતા દ્રશ્યો પણ સામે આવ્યા છે. ખેતરોમાં પણ મોટા પાયે વરસાદી પાણી ભરાયા હતા.

મહીસાગરમાં ઉપરવાસમાં ભારે વરસાદના પગલે કડણા ડેમમાં પાણીની ભરપૂર આવક થઈ છે. જેના પગલે કડણા ડેમના ૨૧ દરવાજા ૧.૯૧ મીટર સુધી ખોલાયા છે. મહીસાગર નદીમાં ૨ લાખ ૩૦ હજાર ૧૬૦ ક્યૂસેક પાણી છોડાયું છે. મહીસાગર નદીમાં પાણી છોડાતા નદીનું જળસ્તરમાં વધારો થયો છે.હાલમાં કડાણા ડેમમાં ૧, ૭૯, ૩૨૮ ક્યૂસેક પાણીની આવક થઈ છે. હાલમાં ડેમની સપાટી ૧૨૬.૭૨ મીટરની જળસપાટી છે. કડાણા ડેમ હાલ ૯૨.૩૧ ટકા ભરાયેલો છે. ઉપરવાસમાંથી થયેલ ભારે આવકના પગલે ડેમમાંથી પાણી છોડવામાં આવ્યું છે.

# લુણાવાડા પાલિકા દ્વારા એન.એસ.ટોકીઝનુ બાંધકામ અટકાવાયુ

લુણાવાડા, મહિસાગર જિલ્લાનુ મુખ્ય મથક લુણાવાડામાં નિયમ વિરુદ્ધ ગેરકાયદેસર બાંધકામનો રાફડો ફાટી નીકળ્યો છે. શહેરમાં મોટાભાગની બિલ્ડિંગોમાં બી.યુ.પરમીશન નથી તેમજ ૯૯ ટકા બિલ્ડિંગો નિયમ પ્રમાણે પાર્કિંગની વ્યવસ્થા નથી જેથે લઈ શહેરમાં ઠેર ઠેર ટ્રાફિકજામના દ્રશ્યો સર્જાય છે. તેવામાં નગરપાલિકા વિસ્તારમાં દરકોલી દરવાજા પાસે એન.એસ.ટોકીઝના બાંધકામમાં રજાપાસમાં મંજુર થયેલ નકશા મુજબ બેઈઝમેન્ટમાં પાર્કીંગની વ્યવસ્થા કરવાની હોય એની જગ્યાએ બેઈઝમેન્ટ કર્યા સિવાય ગ્રાઉન્ડ ફ્લોરથથી બાંધકામ કરેલ તેમજ સદર પ્લોટની ઉત્તરે જુની દુકાનોને ઉતારીને નવીન બાંધકામ કરી રહ્યા છે જેને લઈ લુણાવાડા નગરપાલિકા દ્વારા શબ્બીરભાઈ કુતુબભાઈ બોરીયાવાલા, મુર્તજા કુતુબભાઈ બોરીયાવાલા, અને મુનીરા કુતુબભાઈ બોરીયાવાલા જે એન.એસ.ટોકીઝનુ બિલ્ડિંગ બનાવે છે. જેમને ત્રીજી છેલ્રી નોટિસ આપ્યા પછી પણ કામ ચાલુ રાખતા નગરપાલિકાના કર્મચારીઓ દ્વારા રૂબરૂ સ્થળ પર જઈ સાક્ષીઓની રૂબરૂમાં રોજકામ કરી કામ અટકાવવામાં આવ્યુ હતુ. ત્યારે આગામી દિવસોમાં નગરપાલિકા શુ પયલા લેશે એ જોવાનુ રહ્યુ.

## ‘હાજીર હો’ કાર્યક્રમના માધ્યમથી લોક અદાલતના લાભો ઘેર બેઠા જાણી શકાશે

મહીસાગર, આગામી તા.૧૪/૦૯/૨૦૨૪ ના રોજ મહીસાગર જીલ્લામાં તથા ગુજરાત રાજય સહિત સમગ્ર દેશનો અદાલતોમાં રાષ્ટ્રીય લોક અદાલત યોજાનાર છે. જેમાં વિવિધ સમાધાનલાયક કેસોનો લોક અદાલતના માધ્યમથી નિકાલ થાય અને લોક અદાલતના ફાયદાઓ જાણી મહત્તમ લોકો આવી લોક અદાલતનો લાભ લઈ શકે તે ઉમદા હેતુથી લોક અદાલતના પ્રચાર –પ્રસાર માટે આગામી તા.૧૧/૦૯/૨૦૨૪ ના રોજ બપોરે ૨:૩૦ કલાકે તા.૧૨/૦૯/૨૦૨૪ ના રોજ સાંજે ૬–૦૦ કલાકે તેમજ ૧૩/૦૯/૨૦૨૪ ના રોજ સવારે ૯–૩૦ કલાકે આમ સતત ત્રણ દિવસ ડી.ડી.ગીરનાર ચેનલ અને યુટયુબ એપ્લીકેશનના માધ્યમથી રાજયની વડી અદાલતના મુખ્ય ન્યાયમૂર્તિ જસ્ટીસ સુનિતા અગ્રવાલજીના વિશેષ સંદેશ સાથે વરિષ્ઠ ન્યાયમૂર્તિ જસ્ટીન બિરેન એ.વૈષ્ણવ દવારા લોક અદાલત બાબતે વિશેષ ચર્ચા સહ માર્ગદર્શન કાર્યક્રમનું પ્રસારણ કરવામાં આવશે.

આ પ્રસારણને નિહાળવા માટે મહીસાગર જીલ્લાની જાહેર જનતાને જીલ્લા કાનુની સેવા સત્તા મંડળ,લુણાવાડા દવારા અપીલ કરવામાં આવે છે. તેમ મહીસાગર જીલ્લાના કાનુની સેવા સત્તા મંડળના ફુલ ટાઈમ સેક્રેટરી દવારા એક અખબારી યાદીમાં જણાવ્યુ છે.

## પ્રધાનમંત્રી સુરક્ષિત માતૃત્વ અભિયાન હેઠળ સગર્ભા માતાઓને ખાનગી સ્ત્રી-રોગ નિષ્ણાત દ્વારા સારવાર આપવામાં આવી

જીલ્લા આરોગ્ય તંત્ર દ્વારા દર માસની ૦૯ અને ૨૪ તારીખે પ્રધાનમંત્રી સુરક્ષિત માતૃત્વ અભિયાન કાર્યક્મ ચલાવવામાં આવે છે. જે અંતર્ગત ૦૯ સપ્ટેમ્બરના રોજ કપડવંજના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર તોરણા ખાતે ૫૪ સગર્ભા માતાઓની ખાનગી સ્ત્રી રોગ નિષ્ણાત ડો.ભાવીન પટેલ દ્વારા તપાસ અને સારવાર કરવામાં આવી હતી.તમામ સગર્ભા માતાઓની પ્રાથમિક તપાસ, પેટ પરથી તપાસ, લોહી–પેશાબની તપાસ, વજન અને ઉંચાઈ કરવામાં આવેલ. માતાઓને આયર્ન ફોલિક તથા કેલ્શીયમની ટેબ્લેટ વહેંચવામાં આવેલ તથા જરૂરી આરોગ્ય શિક્ષણ પણ આપવામાં આવ્યું હતું. જેમ કે આપવામાં આવેલી ગોળી નિયમીત લેવી, લીલા શાકભાજી વધારે ખાવા, સુવાવડ તો દવાખાનામાં જ કરાવવી. બાળકના જન્મ બાદ બાળકને ધાવણ આપવાની સાચી રીત, માતા અને બાળકના સારા સ્વાસ્થય માટે સુવાવડ બાદ તરત જ પીપીઆયુસીડી મુકાવવી.

જીલ્લામાં આ પ્રકારે ૦૯ ખાનગી સ્ત્રી રોગ નિષ્ણાત તબીબો માનદ સેવા આપી રહયા છે. એપ્રિલ થી ઓગષ્ટ સુધીમાં ૩૦૦૦ થી વધુ સગર્ભા માતાઓની પૂર્વ પ્રસુતિ તપાસ અને સારવાર આપવામાં આવી છે.

“જનની શીશુ સુરક્ષા કાર્યક્મ”(JSSK) હેઠળ ખાનગી સ્ત્રી રોગ નિષ્ણાત તબીબની માનદ સેવા દર માસની ૦૯ અને ૨૪ તારીખે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે લેવામાં આવે છે. જેથી માતા અને આવનાર બાળકની તંદુરસ્તીમાં વધારો કરી શકાય.


સાકરિયા યુવક મંડળ બાલસિનોર


સિદ્ધિવિનાયક યુવક મંડળ દયાગોરનુ ફળિયુ


સરદાર પટેલ યુવક મંડળ જેઠોલી


શ્રી ગણેશ નવયુવક મંડળ પટેલવાળા બાલાસિનોર


ચિંતામણી નવયુવક મંડળ ખાત્રીવાળા બાલાસિનોર


દરિયાવાળા યુવક મંડળ બાલસિનોર

# મહીસાગર જીલ્લાના નવસર્જન હાઈસ્કુલ મધવાસ ખાતે POCSO એક્ટ અંતર્ગત જાગૃતિ સેમિનાર યોજાયો

મહીસાગર, જીલ્લા મહિલા અને બાળ અધિકારી કચેરી અને બાળ સુરક્ષા એકમ તથા જીલ્લા શિક્ષણાધિકારીની કચેરી મહીસાગરના સંયુક્ત ઉપક્રમે મિશન વાત્સલ્ય અને બેટી બચાવો બેટી પઢાવો યોજના અંતર્ગત આજ રોજ POCSO Act, ગુડ ટચ બેડ ટચ તથા સાયબર સેફટી અન્વયે જાગૃત્તિ સેમીનારનું આયોજન સીનીયર સિવિલ જજ અને સેક્રેટરી જીલ્લા કાનુની સેવા સત્તા મંડળ મહીસાગરના અધ્યક્ષસ્થાને નવસર્જન હાઈસ્કુલ મધવાસ ખાતે યોજાયો.

આ સેમીનારમાં લુણાવાડા તથા ખાનપુર તાલુકાની માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓના આચાર્ય અને શાળા દીઠ એક મહિલા શિક્ષિકાઓએ સેમીનારમાં ભાગ લીધેલ હતો. જેમાં એમ.જી.બિહોલા સીનીયર સિવિલ જજ અને સેક્રેટરી જીલ્લા કાનુની સેવા સત્તા મંડળ મહીસાગર દ્વારા POCSO Act અને જીલ્લા કાનુની સેવા સત્તા મંડળ વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

સેમિનારમાં જીલ્લા શિક્ષણાધિકારી દ્વારા જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું અને મહિલા અને બાળ અધિકારી દ્વારા મહિલા અને બાળ વિકાસ વિભાગની મહિલા કલ્યાણ અને સુરક્ષાને લગતી યોજનાઓ, સમાજ સુરક્ષા આધિકારી દ્વારા બાળ લગ્ન પ્રતિબંધક અધિનિયમ અને સમાજ સુરક્ષાને લગતી યોજનાઓ, બાળ સુરક્ષા અધિકારી દ્વારા બાળકોના અધિકારો અને સામાજીક કાર્યકર સોનલબેન પંડ્યા દ્વારા ગુડ ટચ બેડ ટચ, સાયબર સેફટી અને સોશિયલ મીડિયા અવેરનેશ બાબતે માર્ગદર્શન પૂરૂં પાડવામાં આવ્યું હતું.

# મહીસાગર જીલ્લાની ૧૩૧૬ આંગણવાડી કેન્દ્રોમાં મમતા દિનની ઉજવણી કરાઈ

મહીસાગર, મહીસાગર જીલ્લામાં પોષણ માસની ઉજવણી અંતર્ગત આઈ.સી.ડી.એસ. વિભાગ દ્વારા વિવિધ કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. જીલ્લા વિકાસ અધિકારી સી એલ પટેલના માર્ગદર્શનમાં તથા પ્રોગ્રામ ઓફિસર દક્ષાબેનના સંકલન હેઠળ આઈ.સી.ડી.એસ. ટીમ દ્વારા ગામે ગામ આંગણવાડી કેન્દ્રો ખાતે વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરાઈ રહી છે.

જે અંતર્ગત આજરોજ જીલ્લાની ૧૩૧૬ આંગણવાડી કેન્દ્રોમાં મમતા દિન નિમિત્તે એનિમિયા, ડાયરીયા,SAM મેનેજમેન્ટ, રસીકરણ વગેરે વિષયો ઉપર ખાસ ભાર મૂકવામાં આવ્યો આ ઉપરાંત આંગણવાડી કેન્દ્રો ખાતે એનીમિયા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું. શાળાએ જતી અને ન જતી કિશોરીઓના HB અને BMI ની તપાસ, સગર્ભા માતાના વજનની ઝુંબેશ રૂપે કામગીરી અને તેની પોષણ ટ્રેકરમાં ડેટા એન્ટ્રી જેવી વિવિધ પ્રવૃતિઓ દ્વારા “પોષણ માહ ૨૦૨૪”ની ઉજવણી કરવામાં આવી. આ પ્રવૃતિઓમાં ૬૧૩૩ સગર્ભા બહેનો,૪૩૯૦ ધાત્રી માતાઓ, ૦ થી ૦૬ માસના ૩૮૯૨ બાળકો અને ૦૬ માસથી ૦૩ વર્ષના ૩૬૦૮૨ જેટલા બાળકોનો સમાવેશ કરવામાં આવ્યો.

આજે મમતા દિન નિમિત્તે મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી ડો. સી.આર. પટેલ, જીલ્લા આરસીએચ અધિકારી ડો. કમલેશ.કે.પરમારે લુણાવાડા મુલથાનપુરા આંગણવાડી કેન્દ્રની મુલાકાત લઈ એનીમિયા, કુપોષણ, રસીકરણ, સમયસર આરોગ્ય તપાસ, હેન્ડવોશિંગ,ઝાડા નિયંત્રણ વગેરે બાબતો વિશે લાભાર્થીઓને માર્ગદર્શન આપવામાં આવ્યું. જેમાં આંગણવાડી કેન્દ્ર અને આરોગ્યની ટીમ તેમજ લાભાર્થી માતાઓ કિશોરીઓ, બાળકો ઉપસ્થિત રહ્યા હતા.


પાંચ હાટડિયા યુવક મંડળ બાલાસિનોર


દોલત પોરડા યુવક મંડળ


વિશ્વ રાજા યુવક મંડળ કછિયાવાડ બાલાસિનોર

## બાલાસિનોર બસ સ્ટેશનમાં ખાડા પડી જતાં અને સળિયા નીકળી જતાં પરેશાની

**બસ સ્ટેશનની એન્ટ્રી ગેટ ઉપર જ ખાડા રાજ.**
**સતત બસોની અવરજવર રહેતી હોય ટાયર પંચર થઈ જવાની ભીંતિ, મુસાફરો પણ પરેશાન .**



બાલાસિનોર, એસટી અમારી સલામત સવારી ના સુત્રો વચ્ચે બાલાસિનોર એસટી ડેપોમાં ખાડા પડી ગયા છે અને સળિયા બહાર નીકળી જતાં અવરજવર કરતી બસો પંકચર થઈ જાય તેવી સ્થિતિનું નિર્માણ થયું છે. ત્યારે આ ખાડા જોખમી બને તે પહેલા સમારકામ કરી દેવાય તેવી મુસાફરો માગણી કરી રહ્યા છે.બાલાસિનોર એસટી ડેપોમાં બસોની અવરજવર રહે છે તેમજ મુસાફરો પર અવરજવર કરતા હોય છે. એસ.ટી ડેપોના પ્રવેશમાં જ જોખમી ખાડાને કારણે મુસાફરોને મુશ્કેલીઓ ગોઠવી પડે છે. ડેપોમાં ખાડા પડી જવા ઉપરાંત સળિયા પણ દેખાઈ ગયા છે. જેના કારણે અવરજવર કરતા લોકોને જોખમ રહેલું છે. એસટી બસ ખાડામાં પડે તો સળીયાને કારણે પંચર થઈ જવાનો પણ ભય રહેલો છે. જો સમય સમારકામ કરવામાં નહીં આવે તો મુશ્કેલી ઊભી થઈ શકે તેમ છે.

## આપની આજ.......

મેષ: આજનો દિવસ તમારા માટે સુખદ રહેશે કેમ કે આજે તમે વિચારેલા કાર્ય પૂર્ણ થઈ શકે છે. નોકરીમાં ઉચ્ચ પદની પ્રાપ્તિની સંભાવના રહેલી છે. ગ્રહોમાં ફેરફારના કારણે સ્વભાવમાં થોડું ચિડિયાપણું આવી શકે છે.

વૃષભ: આજનો દિવસ તમારા માટે થોડો વ્યસ્ત રહેશે. પરંતુ સારા પરિણામ મળવાથી થાકનો અનુભવ નહીં થાય. સંતાન સુખમાં વૃદ્ધિ થશે અને ક્યાંકથી વસ્ત્રાદીની ભેટ મળશે.

મિથુન: આજનો તમારો દિવસ મિશ્ર ફળદાયક છે. પ્રત્યેક મામલામાં મિશ્ર પરિણામો મળશે. ધર્મ-કર્મ પ્રત્યે આસ્થા વધશે. સંપત્તિના સુધાર તથા સારસંભાળમાં ખર્ચ વધશે. આજના દિવસમાં કેટલાક નજીકના મિત્રો તથા સંબંધીઓનું આગમન થઈ શકે છે.

કર્ક: આજે ગ્રહોની દશા તમારા દિવસને અનુકૂળ બનાવી રહી છે. સુખ-સંપત્તિમાં વિસ્તાર થશે. પરિવારમાં સુખ-શાંતિનું વાતાવરણ રહેશે. કોઈ વડીલ તરફથી આશિર્વાદમાં ધનની પ્રાપ્તિ થઈ શકે છે. નોકરીમાં સ્થાન પરિવર્તન સાથે ઉન્નતીનો યોગ છે.

સિંહ: આજ કાર્યક્ષેત્રમાં વધારાની જવાબદારી અને ધાર્મિક કાર્યોમાં વ્યસ્તતા વધશે. સંપત્તિનો વિસ્તાર થશે અને આવકમાં વૃદ્ધિ થશે. ક્રોધથી બચો, ક્યાંક જીવનસાથી સાથે વૈચારિક મતભેદો ઊભા ન થાય.

કન્યા: આજનો દિવસ તમારા કાર્યક્ષેત્રમાં મુશ્કેલી ભરેલો હોઈ શકે છે. કોઈ ગેરસમજના કારણે ઓફિસમાં સહયોગીઓ સાથે વિવાદ થઈ શકે છે.

તુલા: ગ્રહોની સ્થિતિથી ખ્યાલ આવી રહ્યો છે કે આજનો દિવસ કાર્યક્ષેત્રમાં ઘણો વ્યસ્તતા ભરેલો રહેશે. આવકમાં વૃદ્ધી થશે. બૌદ્ધિક કાર્યો તથા લેખન વગેરેથી પણ આવક થશે. ક્રોધથી બચો.

વૃશ્ચિક: આજનો દિવસ તમારા માટે ઘણો કઠીન રહેશે. પ્રત્યેક કામમાં પડકારો અને અડચણો આવી શકે છે. અકસ્માતે બિનજરૂરી ખર્ચ વધી શકે છે.

ધન: આજે ગ્રહો જણાવી રહ્યા છે કે આજે તમારા ઘરમાં કોઈ શુભ કાર્યના આયોજનથી મનમાં પ્રસન્નતા અને વ્યસ્તતા રહેશે. ખાસ મિત્રોના સહયોગથી વ્યવસાયના નવા સ્ત્રોત બનશે.

મકર: આજે તમારા ભાગ્યનો ઉદય, ધન, ક્રમ, કીર્તિની વૃદ્ધિ, શત્રુ ચિંતાઓનું દમન થશે. સર્વત્ર વિજય, સફળતાની પ્રાપ્તિ, હર્ષ મંગળમય પરિવર્તન અને મનોરથ સિદ્ધ થવાથી પ્રસન્નતા રહેશે.

કુંભ: આજનો દિવસ તમારા માટે દૈવી કૃપાવાળો બની શકે છે. માતાનું સાનિધ્ય અને આશિર્વાદ ખાસ રીતે ફળદાયી રહેશે. ઘણા સમયથી રોકાયેલું ધન કોઈ મહાપુરૂષના સહયોગથી પ્રાપ્ત થઈ જશે.

મીન:આજનો દિવસ શુભ રહેશે. નોકરીમાં ઉચ્ચ પદની પ્રાપ્તિનો યોગ બની શકે છે. સંતાન તરફથી સુખદ સમાચાર મળશે. રહેણી-કરણી અને ખાન-પાનનું સ્તર વધશે.

# વિશ્વ હિન્દુ પરિષદ દાહોદ જીલ્લા દ્વારા ષષ્ટિપૂર્તિ સમારોહ અંતર્ગત ઝાલોદ પ્રખંડનું હિન્દુ સંમેલન યોજાયું



દાહોદ,

વિશ્વ હિન્દુ પરિષદ દાહોદ જીલ્લા દ્વારા ષષ્ટિપૂર્તિ સમારોહ અંતર્ગત ઝાલોદ પ્રખંડનું હિન્દુ સંમેલન યોજાયું. જેમાં અનુસૂચિત જાતિના ધોરણ પાંચ થી આઠમાં અભ્યાસ કરતા બાળકોને મુંબઈના દાતા વાડીલાલ ચુ. દોશી જૈન પરિવાર તરફથી મફત ગણવેશનું વિતરણ કરવામાં આવ્યું. ઝાલોદ તારીખ,૧૧ વિશ્વ હિન્દુ પરિષદ દાહોદ દ્વારા હિન્દુ સંમેલન અને ગણવેશ વિતરણનો કાર્યક્રમ શિક્ષક સોસાયટીના મકાનમાં ઝાલોદ ખાતે ખાતે જીલ્લા સેવા પ્રમુખ RSS ભરતભાઈ જાંગીડ, દાહોદ જીલ્લાના અદયક્ષ સ્થાને તથા અનુસૂચિત જાતિ કેળવણી મંડળ ઝાલોદના પ્રમુખ દિનેશભાઈ ભૂનાતરના અતિથિ વિશેષ સ્થાને તેમજ વિશેષ ઉપસ્થિતિ કે.જી.પટેલ પદે, તેમજ ડો. ગિરીશભાઈ નળવાયા કેન્દ્રીય ટ્રસ્ટી મંડળના સદસ્ય અને દક્ષિણ ગુજરાત પ્રાંત ઉપાધ્યક્ષ તેમજ પંચમહાલ વિભાગ સહ મંત્રી કિરણસિંહ ચાવડા, ઉપાદયક્ષ ગોપાલભાઈ સોની જીલ્લા સહમંત્રી કમલેશભાઈ ગુજજર અને જીલ્લા સહમંત્રી રાહુલભાઈ જોધા રાઠોડની પ્રેરકઉપસ્થિતિમાં તારીખ ૧૧/૯/૨૪ ના મંગળવારે બપોરે ૨:૦૦ વાગે હિન્દુ સંમેલન યોજવામાં આવ્યું. વિશ્વ હિન્દુ પરિષદની કાર્ય પદ્ધતિ મુજબ શરૂઆત અને પુર્ણાહુતિ કરવામાં આવી. આ પ્રસંગે ઝાલોદના ધોરણ ૫ થી ૮ માં અભ્યાસ કરતા અનુસૂચિત જાતિના કુમાર કન્યા કુલ ૧૦૫ પૈક ૯૫ બાળકોને મુંબઈના દાતા માન વાડીલાલ ચુ. દોશી જૈન પરિવાર તરફથી ગણવેશ આપવામાં આવ્યો હતો. આ વિતરણ વ્યવસ્થા કૃષ્ણ પ્રણામી સેવા સંસ્થાન જામ્બુવા તથા વિકાસ ચેરીટેબલ ટ્રસ્ટ જામ્બુવા અને દાહોદ જીલ્લા અનુસૂચિત જાતિ કેળવણી મંડળ ના સહયોગથી આ કાર્યક્રમ કરવામાં આવ્યો આ પ્રસંગે બી.આર.સી કો-ઓર્ડીનેટર ભરતકુમાર મુનિયા અને સીઆરસી કો-ઓર્ડીનેટર ભમાત ઉપસ્થિત રહ્યા હતા ઉપસ્થિત મહાનુભવોએ સન્માન્ય પ્રવચન કર્યું હતું. અનુસૂચિત જાતિ કેળવણી મંડળ, સમાજના બાબુભાઈ ભૂનાતર રામચંદભાઈ, ભૂનાતર, કર્મશીલ ભાઈઓ અને બહેનો તેમજ બાળકો ખૂબ જ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી આ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. આ કાર્યક્રમમાં વકતા ડો. ગીરીશભાઈ નળવાયા એ જય શ્રીરામ, હિંદુ ધર્મ સંસ્કૃતિ પરંપરાના રક્ષણ તથા સંવર્ધન માટે ૧૯૬૪માં મુંબઈના ચાંદીપની આશ્રમ ખાતે રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના દ્વિતીય સર સંઘ સંચાલક પૂ.ગુરૂજીની પ્રેરણાથી હિન્દુ, શીખ, જૈન વગેરે ભારતીય પરંપરાઓના પૂજય સંતો તથા પદ્મ કે કા શાસ્ત્રી જેવા વિદ્વાનોની પ્રેરક ઉપસ્થિતિમાં વિશ્વ હિન્દુ પરિષદની સ્થાપના થઈ. આજ દિન સુધીના કાર્યકાળમાં અનેક સફળ આંદોલન તથા જન જાગરણ થકી વિહિપ દ્વારા શ્રદ્ધા કેન્દ્રોની મુકિત, લવ- લેન્ડ જેહાદ વિરૂદ્ધ કાયદા, ગૌરક્ષા માટે કાયદા, ધર્માંતરણ અટકાવવું, ઘર વાપસી, સામાજીક સમરસતા, વનવાસી કલ્યાણ, સેવા, બાલ સંસ્કાર જેવા અનેક કાર્યો સફળતાપૂર્વક કરવામાં આવ્યા છે. આજે પણ ૩૨ દેશોમાં ૬૩, હજાર કરતાં વધુ સમિતિઓ અને ૭૦૦ જેટલા પૂર્ણકાલીન કાર્યકર્તાઓના માધ્યમથી ચાલતી વિહીપ એ વિશ્વના દરેક હિન્દુનું પોતાનું સંગઠન છે. સંવત ૨૦૮૦ શ્રાવણ વદ આઠમ કૃષ્ણ જન્માષ્ટમી નારોજ સૌ હિંદુઓની સંસ્થા વિશ્વ હિન્દુ પરિષદના ૬૦ વર્ષ પૂર્ણ થયા, જેથી ષષ્ટિપૂર્તિ સમારોહ યોજવામાં આવ્યો હતો.

# ગરબાડાની તાલુકા કન્યા પ્રાથમિક શાળાની બાળાઓ દ્વારા માટીના ગણેશ બનાવી ધામધૂમથી ગણેશ વિસર્જન



ગરબાડા,

ભારત દેશ ધર્મ પ્રિય દેશ છે. વિવિધ ધર્મોના વિવિધ તહેવારોની ઉજવણી કરી આ દેશની પ્રજાએ પોતાની ધાર્મિક સંસ્કૃતિનું જતન કરીને રાખ્યું છે.એવો જ એક અનોખો તહેવાર એટલે ગણેશ ચતુર્થી. આ તહેવારની ઉજવણી ગરબાડા તાલુકા કન્યા પ્રાથમિક શાળામાં ધામધૂમથી કરવામાં આવી હતી. આ ઉજવણીની ખાસ વાત તો એ કે આ શાળાની નાની નાની બાળાઓએ જાતે જ માટી માંથી ગજાનન બનાવ્યાં હતાં અને સમૂહમાં જ તેમની પૂજા અર્ચના કરવામાં આવી હતી. શાળાનાં પટ્ટાગણમાં જ વિધિવત રીતે "ગણપતિ બાપ્પા મોરિયા"ના નાદ સાથે હર્ષોલ્લાસ સાથે જ ગણપતિ દાદાની મૂર્તિઓનું શાળાના પટાંગણમાં પાણી ભરેલા મોટા પાત્રમાં મૂર્તિઓનું વિસર્જન કરવામાં આવ્યું હતું. એ સમયનું ધાર્મિક વાતાવરણ ભગવાન પ્રત્યેની સર્વોત્તમ શ્રદ્ધાનું પ્રતીક બની રહ્યું હતું.

# દાહોદના ખરવાણી ગામે વરસાદને લઈ કાચા મકાનની દિવાલ પડી જતાં પરિવારજનો પૈકી બે માસુમ બાળકોનું દબાઈ જતાં મોત




દાહોદ,

દાહોદ તાલુકાના ખરવાણી ગામે કરૂણાંતિકા છવાઈ જવા પામી છે. જેમાં ગતરોજ રાત્રીના સમયે વરસતા વરસાદ વચ્ચે ગામમાં આવેલ એક કાચા મકાનની દિવાલ ધરાશાઈ થઈ જતાં મકાનમાં મીઠી નિંદર માણી રહેલ પરિવારજનો પૈકી બે માસુમ બાળકો દિવાલ નીચે દબાઈ જવાને કારણે બંન્ને માસુમ બાળકોના મોત નીપજતાં પરિવારજનોમાં ગમગીની છવાઈ જવા પામી છે. ત્યારે એક બાળક તેમજ એક વ્યક્તિને પણ શરીરે ઈજાઓ પહોંચતાં બંન્નેને નજીકના દવાખાને સારવાર માટે લઈ જવામાં આવ્યાં હોવાનું જાણવા મળે છે.

દાહોદ જીલ્લામાં છેલ્લા ત્રણ દિવસથી ભારે વરસાદ વરસી રહ્યો છે. તમામ સ્થળોએ વરસાદી પાણી ભરાઈ જતાં લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. ત્યારે આ વરસતા વરસાદ વચ્ચે દાહોદના ખરવાણી ગામે સંગાડા ફળિયામાં રહેતાં મનુભાઈ ભુરાભાઈ ડામોર તથા તેમના પરિવારજનો પોતાના કાચા મકાનમાં ગતરોજ વરસાદી માહોલ વચ્ચે ઘરમાં મીઠી નિંદર માણી રહ્યાં હતા. ત્યારે મધ્યરાત્રીના સમયે અચાનક કાચા મકાનની દિવાલ ધરાશાઈ થઈ જતાં એકાએક બુમાબુમ મચી જવા પામી હતી, પરંતુ કંઈ સમજાય તે પહેલા દિવાલ પડતાની સાથે દિવાલ નીચે ૦૭ વર્ષિય જોસનાબેન તથા ૦૫ વર્ષિય રોશનીબેન તેમજ કીરણ અને મનુભાઈ એમ ચારેય જણા દિવાલ નીચે દબાઈ ગયાં હતા. જેમાં ૦૭ વર્ષિય જોસનાબેન તેમજ ૦૫ વર્ષિય રોશનીબેન દિવાલ નીચે દબાઈ જવાને કારણે બંન્ને માસુમ બાળકોના ઘટના સ્થળ પર મોત નીપજ્યાં હતાં. ઘટનાને પગલે પરિવારજનોમાં ગમગીની છવાઈ ગઈ હતી. ઘટનાને પગલે મધ્યરાત્રીના સમયે લોકટોળા ઘટના સ્થળે ઉમટી પડ્યાં હતાં. ઘટનાની જાણ સ્થાનીક પોલીસને કરવામાં આવતાં પોલીસ તેમ સંબંધિત તંત્રના અધિકારીઓ ઘટના સ્થળે દોડી ગયાં હતાં. બંન્ને માસુમ મૃતક બાળકોને દાહોદની ઝાયડસ હોસ્પિટલ ખાતે પીએમ માટે મોકલી દેવામાં આવ્યાં હતા. જ્યારે ઈજાગ્રસ્ત કીરણભાઈ તથા મનુભાઈને પણ સારવાર માટે ઝાયડસ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યાં હતાં. આ સંબંધે પોલીસ મથકે જાણ કરવામાં આવતાં પોલીસે તપાસ હાથ ધરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ઝાલોદ નગરના બી.એમ. હાઈસ્કૂલમાં આંખોના નિદાનનો કેમ્પ યોજવામાં આવ્યો



ઝાલોદ,

ઝાલોદ નગરના બી.એમ. હાઈસ્કૂલના પ્રાંગણમાં ૧૧-૦૯-૨૦૨૪ બુધવારના રોજ ઈંડિયન રેડક્રોસ સોસાયટી ગુજરાત રાજ્ય શાખા દ્વારા આંખોની તપાસ કરી નિદાન કરાવી ચશ્મા વિતરણનો કેમ્પ યોજવામાં આવ્યો હતો. આ કેમ્પનો લાભ લેવા નગરના લોકો મોટા પ્રમાણમાં આવેલ હતા. આ કેમ્પ સવારે ૯ વાગ્યાથી ૧ વાગ્યા સુધી યોજવામાં આવેલ હતો અને અંદાજીત આ કેમ્પમા ૨૫૦ થી વધુ દર્દીઓ એ આ કેમ્પનો લાભ લીધો હતો. તેમજ જે વ્યકિતઓ બાકી રહી ગયેલ તે તમામ નાગરિકો માટે ફરી વહેલી તકે કેમ્પ રાખવાનું આશ્વાશન રેડક્રોસ સોસાયટી દ્વારા આપવામાં આવ્યું હતું.

# લીમખેડા તાલુકાના મોટા હાથીધરા ખાતે "ટકાઉ ભવિષ્ય માટે વિજ્ઞાન અને ટેકનોલોજી" વિષય પર પ્રદર્શન યોજાયું



દાહોદ

દાહોદ જીલ્લાના લીમખેડા તાલુકાના મોટા હાથીધરા કલસ્ટર કક્ષાનું વિજ્ઞાન-ગણિત-પર્યાવરણ વિષય પર દાંતિયા મુખ્ય પ્રાથમિક શાળા ખાતે પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. જેમાં કલસ્ટરમાં સમાવિષ્ટ દરેક પેટા શાળાઓના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. દરેક શાળાઓ દ્વારા "ટકાઉ ભવિષ્ય માટે વિજ્ઞાન અને ટેકનોલોજી" થીમ અંતર્ગત વિવિધ કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. આ કાર્યક્રમના અંતે પ્રમાણપત્ર વિતરણ કરી વિદ્યાર્થીઓને સન્માન આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

# દે.બારીઆના કેળકુવા ગામે આકાશી વીજળી પડતા બે બળદના મોત

દે.બારીઆ,

દે.બારીઆ તાલુકાના કેળકુવા ગામે સંગોડ ફળિયામાં રહેતા અને ખેતીકામ કરી પોતાનુ ગુજરાન ચલાવતા મહેશ લલા રાઠવાના ઘરઆંગણે બાંધેલા બે બળદ ઉપર વરસતા વરસાદમાં કડાકા ભડાકા સાથે વીજળી ત્રાટકી હતી. ધોધમાર વરસતા વરસાદમાં વીજળી પડતા ગણતરીની મિનીટોમાં બંને બળદોનુ પ્રાણ પખેરૂ ઉડી ગયુ હતુ. ખેડુતોની આજીવિકા ગણી શકાય તેવી પરિવારની રોજીરોટીમાં બળદ વગર કોઈપણ કામગીરી નાના ખેડુતો કરી શકતા નથી. ઘણા ખેડુતો ટ્રેકટર જેવા યાંત્રિક સાધનનો ખેતીવાડીમાં ઉપયોગ કરતા હોય છે પરંતુ નાના ગરીબ ખેડુતો બળદ વડે ખેતીકામ કરતા હોય છે. વીજળી ત્રાટકી હોવાની વાત ગામમાં વાયુવેગે ફેલાતા ગામલોકો ઘટના સ્થળે દોડી આવ્યા હતા. કેળકુવા ગામે વીજળી ત્રાટકી હોવાની જાણ ગ્રામ પંચાયતના તલાટી કમ મંત્રીને થતાં તરત જ સ્થળ પર પહોંચી જરૂરી કાગળો કરી મળવાપાત્ર સહાય માટે દે.બારીઆ તાલુકા વિકાસ અધિકારી અને પી.એમ.માટે મોકલી આપ્યા હતા.

# દાહોદના ગરબાડા તાલુકા ખાતે 'પોષણ માહ'ની ઉજવણી કરાઈ



દાહોદ

"પોષણ માસ" અંતર્ગત ગરબાડા ઘટક જાંબુવા - ૨ સેજામાં પોષણ માસની ઉજવણી કરવામાં આવી હતી. તેમાં સગર્ભા, ધાત્રી માતાઓ અને કિશોરીઓને પણ પોષણ યુકત આહારની સમજ આપવામાં આવી હતી. ટી. એચ. આર. માંથી બનતી અનેકવિધ વાનગીઓનું નિદર્શન કરવામાં આવ્યુ હતું.

ધાત્રી માતાઓને પોતાના બાળકને છ મહિના સુધી સતત ફક્ત માતાનું જ ધાવણ આપવું તેમજ છ મહિના પૂર્ણ થયાં બાદ ઉપરી આહારની શરૂઆત કરવા જેવી મહત્વની બાબતો વિશે માહિતી આપવામાં આવી હતી.જીલ્લા પ્રોગ્રામ ઓફિસર ઈરાબેન ચૌહાણના માર્ગદર્શન હેઠળ આઈસીડીએસ વિભાગ દ્વારા સમગ્ર દાહોદ જીલ્લામાં પોષણયુક્ત આહારથી બાળકો, કિશોરીઓ અને મહિલાઓ તંદુરસ્ત અને સુપોષિત રહે તે માટે વિવિધ કાર્યક્રમોની ઉજવણી કરવામાં આવી રહી છે.

# ઝાલોદ આઈ.સી.ડી.એસ. ખાતા દ્વારા પોષણ માસની ઉજવણી કરવામાં આવી



ઝાલોદ,

આજરોજ તા.૧૧/૦૯/૨૦૨૪ નારોજ પોષણ અભિયાનની ઉજવણી અંતર્ગત ઝાલોદ CMTC ઝાલોદ ખાતે ૭ માં "રાષ્ટ્રીય પોષણ માસ"ની ઉજવણી કરવામાં આવી. જેમાં સીડીપીઓ નીલુબેન માછી, સુપ્રિટેન્ડન્ટ ઝાલોદ ડો. પ્રતિમા મહેતા, ન્યુટ્રિશન આસિસ્ટન્ટ ભારતીબેન, THO ઝાલોદ, RBSK MO અને મુખ્યેવિકા બેનો, આઈસીડીએસ સ્ટાફ, આંગણવાડી કાર્યકર, કુપોષિત બાળકોની માતાઓ બેનો ઉપસ્થિત રહ્યા. કુપોષિત બાળકોની માતાઓને thr માંથી બનતી વાનગી લાઈવ બનાવીને બતાવવામાં આવ્યું. વાનગીની દર્શન પણ કરવામાં આવ્યું. વાનગી શેમાંથી અને કંઈ રીતે બને છે, તેના વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું. બાળકોની માતાઓને પોષણ ટોકરી આપવામાં આવી. બાળકોને બનાવેલ વાનગી આપવામાં આવી. પોષણ માહ ૧ થી ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૪ અંતર્ગત સુપોષિત ભારત-સાક્ષર ભારત-સશકત ભારત બનાવવા માટે રાષ્ટ્રીય પોષણ માહની ૫ થીમ પર ઉજવણી કરવા જણાવેલ છે. જેમાં (૧)એનિમિયા (૨) વૃદ્ધિ દેખરેખ (૩) પૂરક ખોરાક (૪) પોષણ ભી પઢાઈ ભી (૫) સુશાસન, પારદર્શિતા અને કાર્યક્ષમ રીતે સેવાઓ પહોંચાડવા માટે ટેકનોલોજીનો સમાવેશ થાય છે. આજ રોજ પૂરક ખોરાકની થીમ આધારિત સગર્ભા, ધાત્રી માતાઓ, કિશોરીઓ, ૭ માસથી ૩ વર્ષના બાળકો, ૩ થી ૬ વર્ષના બાળકો, સાસુઓને એકત્રિત કરી વાનગી નિદર્શન કરી THR (બાલ શકિત, માતૃ શકિત, પૂર્ણા શકિત) માંથી બનતી વિવિધ વાનગીની જાણકારી, બાળકને જન્મ આપ્યા પછી માતા સંપૂર્ણ આહાર લે તે અંગેની સમજ, ૬ મહિના પછી ઉપરી આહારની શરૂઆત કરવા અંગેની સમજ આપવામાં આવી.

# દાહોદ તાલુકાના વણભોરી ગામે આવેલ તળાવમાં એક ૧૭ વર્ષિય યુવક અકસ્માતે પડી જતાં યુવકનું મોત નીપજયું

દાહોદ,

ગત તા.૧૦મી સપ્ટેમ્બરના રોજ દાહોદના વણભોરી ગામે મહુડા ફળિયામાં રહેતાં ૧૭ વર્ષિય સુનીલભાઈ લીમજીભાઈ ભાભોર ગામમાં આવેલ તળાવ તરફ ગયાં હતા, જયાં તળાવમાં અકસ્માતે સુનીલભાઈ પડી જતાં તળાવના ઉંડા પાણીમાં ડુબી જવાને કારણે સુનીલભાઈનું મોત નીપજ્યું હતું. ઘટનાને પગલે સ્થળ પર લોકટોળા ઉમટી પડ્યાં હતાં. ઘટનાની પરિવારજનોને કરવામાં આવતાં તેઓ પણ સ્થળ પર પહોંચી ગયાં હતાં. ઘટનાની જાણ સ્થાનીક પોલીસને કરવામાં આવતાં પોલીસ કાફલો પણ ઘટના સ્થળે દોડી ગયો હતો અને મૃતક સુનીલભાઈના મૃતદેહને તળાવના પાણીમાંથી બહાર કાઢી નજીકના દવાખાને પીએમ માટે રવાના કરી દેવામાં આવ્યાં હતાં.આ સંબંધે સુનીલભાઈ લીમડીભાઈ ભાભોરે કતવારા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે અકસ્માત મોતના ગુનાના કાગળો કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દે.બારીઆના કોર્ટ રોડ ઉપર ભુગર્ભ ગટરના ગંદા પાણી ફરી વળતા હાલાકી

દે.બારીઆ,

દે.બારીઆ નગરના કોર્ટ રોડ જતાં રસ્તામાં બસ સ્ટેશન પાસે આવેલ ભુગર્ભ ગટરના ઉભરાતા ગંદા પાણીના કારણે ખુબ જ મુશ્કેલી ભોગવી પડી રહી છે. આ ઉભરાતી ભુગર્ભ ગટરના ગંદા પાણી બસ સ્ટેશન તથા આસપાસની આવેલ દુકાનોમાં ભરાય છે. રસ્તામાં પડેલા ખાડાઓના કારણે ચાલતા જતા રાહદારીઓને ગંદા પાણીના છાંટાઓ ઉડે છે. આ રસ્તા પરથી શાળાના નાના ભુલકાઓ અભ્યાસ માટે ચાલતા અવર જવર કરે છે. આ ભુગર્ભ ગટરનુ ગંદુ પાણી બસ સ્ટેશનમાં રેલાય છે. બસ સ્ટેશનની બહાર ચાલતા નીકળતા આ દુર્ગંધ મારતા ગંદા પાણીમાંથી પસાર થવાનો વારો આવ્યો છે. શાળા, કોર્ટ, પોલીસ સ્ટેશન, તાલુકા પંચાયત તથા સરકારી હોસ્પિટલમાં સારવાર કરાવવા માટે આ પાણીમાંથી પસાર થવાનો વારો આવ્યો છે. આ ભુગર્ભ ગટરના ગંદા દુર્ગંધ મારતા પાણીના કારણે મોટો રોગચાળો ફાટી નીકળે તેવી દહેશત સેવાઈ રહી છે.હાલ ચોમાસાની સીઝન હોવાના કારણે મેલેરીયા, ડેન્ગ્યુ જેવા રોગોનો પણ રાફડો ફાટ્યો છે ત્યારે આ ગટરનુ કામ વહેલી તકે નહિ કરાવવામાં આવે તો મોટો રોગચાળો ફાટી નીકળે તેવી દહેશત સેવાઈ રહી છે.

# સીંગવડના પીપલીયા ગામે ફોર વ્હીલ ચાલક બાઈકને અડફેટમાં બાઈક સવાર બે વ્યકિતને ઈજાઓ

દાહોદ,

દાહોદ જીલ્લાના સીંગવડ તાલુકાના પીપળીયા ગામે એક ફોર વ્હીલર ગાડીના ચાલકે એક મોટરસાઈકલ પર સવાર બે વ્યક્તિઓને અડફેટમાં લેતાં બંન્ને વ્યક્તિઓને શરીરે ગંભીર ઈજાઓ પહોંચતાં બંન્નેને નજીકના દવાખાને સારવાર માટે લઈ જવામાં આવ્યાં હોવાનું જાણવા મળે છે.

ગત તા.૦૯મી સપ્ટેમ્બરના રોજ સીંગવડના છાપરવડ ગામે બારીઆ ફળિયામાં રહેતાં મુકેશભાઈ ખુમાનસીંગભાઈ બારીઆ તથા તેમની સાથે કમલેશભાઈ માનસીંગભાઈ બારીઆ બંન્ને જણા એક મોટરસાઈકલ પર સવાર થઈ સીંગવડના પીપળીયા ગામેથી પસાર થઈ રહ્યાં હતા. ત્યારે ત્યાંથી એક ફોર વ્હીલર ગાડીના ચાલકે પોતાના કબજાની ફોર વ્હીલર ગાડી પુર ઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી મુકેશભાઈની મોટરસાઈકલને જોશભેર ટક્કર મારતાં મુકેશભાઈ તથા કમલેશભાઈ બંન્ને જણા મોટરસાઈકલ પરથી ફંગોળાઈ જમીન પર પટકાતાં તેઓને શરીરે, હાથે પગે ઈજાઓ પહોંચી હતી. ઘટનાને પગલે સ્થળ પર લોકટોળા ઉમટી પડ્યાં હતાં અને ઉપરોક્ત બંન્ને ઈજાગ્રસ્તોને નજીકના દવાખાને સારવાર માટે લઈ જવામાં આવ્યાં હતાં.

આ સંબંધે ઈજાગ્રસ્ત મુકેશભાઈ ખુમાનસીંગભાઈ બારીઆએ રણધીકપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ફતેપુરા ગામતળનુ તળાવ ખુલ્લુ ન કરાતા ગંદકીનુ સામ્રાજય

ફતેપુરા,

ફતેપુરા તાલુકાના મુખ્ય મથકે પાણીની ટાંકી પાસે વર્ષો જુનુ ગામતળનુ તળાવ આવેલ છે. પંચાયત તેમજ સરકાર દ્વારા ગામતળના તળાવની જાળવણી ન કરાતા ગામતળના તળાવમાં ભુમાફિયાઓ દ્વારા તળાવમાં ગેરકાયદેસર ડમ્પિંગ યાર્ડ શેડ તોડી પાડી દબાણ કરવામાં આવ્યુ હતુ. વર્ષો જુનુ ગામતળનુ તળાવનુ પુરાણ કરી જમીન પચાવી પાડી તેનુ વેચાણ કરી કરોડો રૂપિયા કમાવવાની કોશિષ કરવામાં આવી હતી. જેના પગલે ફતેપુરાના ગ્રામજનો દ્વારા તળાવમાં ગેરકાયદે કરવામાં આવેલ દબાણ ખુલ્લુ કરી તળાવની તવેસરથી માપણી કરી તળાવમાં બ્યુટિફિકેશન હાથ ધરી લોકો હરી ફરી શકે તેવા તળાવનુ નિર્માણ કરવા માટે ગુજરાતના મુખ્યમંત્રીથી લઈ દાહોદ કલેકટર તેમજ દાહોદ સાંસદને લોકો દ્વારા રજુઆત કરવામાં આવી છે. તેમ છતાં આ તળાવની જાળવણી કે નવીનીકરણની કામગીરી આજદિન સુધી હાથ ધરવામાં આવી હતી. જેને લઈને લોકોમાં રોષ ફાટી નીકળ્યો છે.તળાવની જાળવણી ન કરાતા તળાવમાં ગંદકીના ઢગલા જોવા મળી રહ્યા છે. જવાબદાર તંત્ર તેમજ સરકાર દ્વારા આ તળાવને ખુલ્લુ કરી લોકોને હરી ફરી શકે તેવુ તળાવનુ નિર્માણ કરવામાં આવે તેવી પ્રબળ માંગ ફતેપુરાના ગ્રામજનો કરી રહ્યા છે.

# દાહોદ ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગે તહેવારોને લઈ ૩૦ સેમ્પલો મેળ્યા

દાહોદ,

આગામી તહેવારોને દયાનમાં લઈ દાહોદના ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા ડેરી પ્રોડકટ્સના વેપારીઓના ત્યાં ચેકિંગ હાથ ધરી કુલ ૩૦ જેટલા સેમ્પલો લઈ પૃથ્થકરણ માટે મોકલી આપ્યા છે.

ગણેશ મહોત્સવ અને બાદમાં નવરાત્રિ, દિવાળી વગેરે તહેવારોને દયાનમાં રાખી ગુજરાત રાજય આરોગ્ય વિભાગ દ્વારા ખાદ્ય ચીજોના વેપારીઓના ત્યાં સરપ્રાઈઝ ચેકિંગ હાથ ધર્યુ હતુ. ત્યારે દાહોદ જિલ્લામાં પણ આરોગ્ય વિભાગે આગામી તહેવારોને દયાનમાં લઈ વેપારીઓ સામે લાલ આંખ કરી છે. જેમાં શહેરના ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગના અધિકારી પીંકજ નગરાવાલા તેમજ તેમની ટીમ દ્વારા ખાસ કરીને દુધ પ્રોડકટ્સનુ વેચાણ કરતા કુલ ૩૦ વેપારીઓના ત્યાં સરપ્રાઈઝ ચેકિંગ હાથ ધર્યુ હતુ. જે વેપારીઓના ત્યાંથી દુધના પ્રોડકટ્સના નમુનાઓ લઈ પૃથ્થકરણ માટે મોકલાયા હતા. આ નમુનાઓમાં જો કોઈ ક્ષતિ જણાશે તો વેપારીઓ સામે દંડનીય કાર્યવાહી કરાશે તેવુ જાણવા મળ્યુ હતુ.

# લીમખેડાના ચીલાકોટા ગામે કોતરમાં તણાઈ જતાં અજાણ્યા ૪૦ વર્ષીય વ્યકિતનું મોત

દાહોદ,

દાહોદ જીલ્લાના લીમખેડા તાલુકાના ચીલાકોટા ગામે વરસાદી માહૌલ વચ્ચે ગામમાંથી પસાર થતી એક કોતરમાં એક અજાણ્યા આશરે ૪૦ વર્ષીય અજાણ્યા યુવક કોતરમાં પડી જવાથી અજાણ્યા યુવકનું મોત નીપજયાંનું જાણવા મળે છે.

ગત તા.૧૦મી ઓગષ્ટના રોજ વરસાદી માહૌલ વચ્ચે વરસતા વરસાદને પગલે લીમખેડાના ચીલાકોટા ગામેથી પસાર થતાં નદી, નાળા ભરાઈ ગયાં હતાં. ત્યારે વરસાદી માહૌલ વચ્ચે ચીલાકોટા ગામે ભુરીયા ફળિયામાંથી પસાર થતા એક કોતર તરફથી એક આશરે ૩૫થી ૪૦ યુવક કોતર તરફથી પસાર થઈ રહ્યાં હતાં ત્યારે કોતરમાં ભારે પાણીના પ્રવાહ વચ્ચે અજાણ્યા યુવક પાણીમાં તળાઈ ગયાં હતાં અને કોતરમાં ડુબી જવાને કારણે અજાણ્યા યુવકનું મોત નીપજ્યું હતું. ઘટનાને પગલે સ્થળ પર લોકટોળા ઉમટી પડ્યાં હતાં. ઘટનાની જાણ લીમખેડા પોલીસને કરવામાં આવતાં પોલીસ ઘટના સ્થળે પહોંચી મૃતક અજાણ્યા યુવકના મૃતદેહને કોતરના પાણી માંથી બહાર કાઢી પીએમ માટે નજીકના દવાખાને મોકલી આપી પોલીસે અજાણ્યા યુવકના પરિવારજનોની શોધખોળ હાથ ધરી આ સંબંધે લીમખેડા પોલીસે અકસ્માત મોતના ગુનાના કાગળો કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 28, No.19

# ગોધરામાં ગણેશ વિસર્જન યાત્રાને લઈ જિલ્લા વહીવટી તંત્ર સજ્જ

## ગણેશ વિસર્જન રૂટ ઉપર ચુસ્ત પોલીસ બંદોબસ્ત

## વિસર્જન રૂટ ઉપર ૩૦૭૭ પોલીસ અધિકારી અને કર્મચારી તૈનાત કરાશે







ગોધરા,

ગોધરા શહેરમાં આજે પાંચ દિવસ સુધી ભગવાન શ્રીજીએ ભકતોનુ આતિથ્ય માણ્યા બાદ છઠ્ઠા દિવસે ગણેશ વિસર્જન યોજાનાર છે. ગણેશ વિસર્જન યાત્રા દરમિયાન વિસર્જન રૂટ ઉપર જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે.

ગોધરા શહેરમાં ગણેશ ભકતો ગણેશ મહોત્સવમાં શ્રીજીની પ્રતિમા સ્થાપિત કરી પાંચ દિવસ સુધી ભક્તિ ભાવ સાથે પુજા-અર્ચના કરતા હોય છે. પાંચ દિવસ ભકતોનુ આતિથ્ય માણવા આવેલ શ્રીજીની આગતાસ્વાગતામાં કોઈ કત્રાન ન બહી જાય તેનુ ભકતો ખાસ દ્યાન રાખે છે. ગોધરા નગરમાં વર્ષોની પરંપરા મુજબ ગણેશ પંડાલમાં સ્થાપિત કરાયેલ શ્રીજીની પ્રતિમાનુ ભક્તિભાવ સાથે આતિથ્ય સત્કાર કર્યા બાદ છઠ્ઠા દિવસે ગણેશ વિસર્જન યાત્રા યોજાય છે. ગણેશ વિસર્જન યાત્રામાં મોટી સંખ્યામાં ગણેશ મંડળો જોડાતા હોય છે. જેને લઈ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ગણેશ વિસર્જન રૂટ ઉપર ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવતો હોય છે. ગણેશ વિસર્જન રૂટ ઉપર ઠેર ઠેર પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવે છે. જિલ્લા પોલીસ તંત્ર દ્વારા વીડિયોગ્રાફી, ધાબા પોઈન્ટ મુકીને વિસર્જન યાત્રા સુચારૂ રૂપે પુર્ણ થાય તેવા પ્રયાસો હાથ ધરવામાં આવતા હોય છે.

**ગણેશ વિસર્જન યાત્રાને લઈ ગોઠવવામાં આવેલ પોલીસ બંદોબસ્ત...**

પોલીસ અધિક્ષક – ૩
ડી.વાય.એસ.પી. – ૧૨
પી.આઈ.– ૪૩
પી.એસ.આઈ.– ૯૬
હેડ કોન્સ્ટેબલ / કોન્સ્ટેબલ – ૧૨૧૧
મહિલા કોન્સ્ટેબલ અને કોન્સ્ટેબલ – ૨૪૧
હોમગાર્ડ – ૧૦૯૬
એસ.આર.પી.ની ૫ કંપની મળી કુલ ૩૦૭૭ જેટલા પોલીસ કર્મચારીઓ ગોઠવવામાં આવ્યા છે.

# GTU ખાતે ABVP એ વિરોધ નોંધાવ્યો

ગોધરા,

આજરોજ ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી (જી.ટી.યુ) ખાતે વિદ્યાર્થીઓના પ્રશ્નોને લઈને અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ કર્ણાવતી મહાનગર દ્વારા ઉગ્ર સ્વરૂપ માં આંદોલન કરવામાં આવ્યું. આ પહેલા ૩૦ ઓગસ્ટ ૨૦૨૪ ના રોજ અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ કર્ણાવતી મહાનગર ના પ્રતિનિધિ મંડળ દ્વારા ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી ના રજીસ્ટ્રાર ને આવેદનપત્ર આપી શાંતિપૂર્ણ રીતે કેટલીક માંગો સાથે રજૂઆત કરેલ હતી. (માંગની યાદી અંતમાં દર્શાવેલ છે.) પરંતુ આવેદન મા વ્યક્ત કરેલ વિદ્યાર્થી હિતની માંગો પર આજ દિન સુધી કોઈ કાર્યવાહી યુનિવર્સિટી દ્વારા કરવામાં ન આવતા. વિદ્યાર્થી પરિષદ દ્વારા ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી વહીવટી ભવન ખાતે ઉગ્ર આંદોલન સ્વરૂપે રજૂઆત કરવામાં આવી.

**અગાઉ વિદ્યાર્થી પરિષદ દ્વારા કરવામાં આવેલી માંગો ...**

૧. આગળના સેમેસ્ટરનું રીઝલ્ટ ૨ મહિનાથી આવી જાય પછી પણ હાર્ડ કોપી માર્કશીટ મળતી નથી જેથી વહેલી તકે માર્કશીટ વિદ્યાર્થીને મળે.
૨. એકેડેમિક કેલેન્ડર સમય કરતા લેટ આવે છે, તો તે સમયસર આવે.
૩. રી-એસેસમેન્ટમાં પાસ થયા હોવા છતાં પૈસા પાછા મળતા નથી, તો અત્યાર સુધીમાં જે પણ વિદ્યાર્થીઓને પાસ હોવા છતાં પૈસા નથી મળ્યા તે તમામ વિદ્યાર્થીઓને પૈસા પાછા આપવામાં આવે.
૪. પી.આર.સી. ફીના નામે દર વર્ષે રૂા.૩૦૦ લેવાય છે, તે ફી ત્વરિત ધોરણે લેવાની બંધ કરવી.
૫. એન.સી.સી જનરલ ક્રેડિટ કોર્સ નું પરિણામ હજી સુધી પ્રાપ્ત થયું નથી. જે ત્વરિત ધોરણે જાહેર કરવામાં આવે.
૬. એન.સી.સી જનરલ ઈલેકટીવ ક્રેડિટ કોર્સ વિષય તરીકે ઘણી કોલેજમાં ઓફર થતો નથી, તો તે વિશે ઓફર કરવામાં આવે.
૭. સ્નાતક કક્ષાના કોર્સમાં હાલ યુનિવર્સિટીમાં ૪ વર્ષ સાથે વધુ ૨ વર્ષનું એક્સટેન્શન આપવામાં આવે છે પરંતુ એન.ઈ.પી મુજબ ત્રણ વર્ષનું એક્સટેન્શન આપવું જોઈએ. જેથી એક વર્ષ એક્સટેન્શન વધારવામાં આવે.

આ આદોલનમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિતિ રહ્યા હતા, જેના પરિણામ સ્વરૂપ ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીના કુલપતિને રજૂઆત કરી જવાબ માંગવામાં આવ્યો ત્યારે કુલપતિ દ્વારા બાંહેધરી આપવામાં આવી છે કે, વિદ્યાર્થી પરિષદ દ્વારા ધ્યાન માં મુકેલ તમામ વિષયનું નિરાકરણ ૧૫ દિવસમાં ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી પ્રશાસન દ્વારા કરવામાં આવશે.

# બાવન ગજની ધજા સાથે ઘોઘંબા બેલદાર સમાજના યુવાનો રણુજા જવા રવાના



ઘોઘંબા,

ઘોઘંબા નગરમાં રહેતા બેલદાર સમાજના સંતો, દોઢ સો થી વધુ યુવાનો તથા મહિલાઓ બાવન ગજની ધજા સાથે ૭૩૦ કિલોમીટર સુધી પદયાત્રા કરી રાજસ્થાનમાં આવેલ સુપ્રસિદ્ધ રણુજા ધામે આવેલ રામદેવપીરના મંદિરે ધજા અર્પણ કરશે. ઘોઘંબા નગરના રામદેવપીરના ભકતોએ આજરોજ રામદેવ મહારાજને અર્પણ થનારી ૫૨ ગજની ધજાની શોભાયાત્રા કાઢી હતી. ઘોઘંબામાં રહેતા બેલદાર સમાજ દ્વારા છેલ્લા ૩૦ વર્ષથી દર વર્ષે રાજસ્થાનમાં આવેલ રામદેવરા સુધી ખભા ઉપર મહાકાય ધજા લઈ પદયાત્રાએ નીકળે છે. આજથી ૩૦વર્ષ પહેલા બેલદાર સમાજના વડીલોએ રામદેવ પદયાત્રાની શરૂઆત કરી હતી. જે પ્રથા આજે પણ યુવાનોએ જાળવી રાખી છે. ઘોઘંબા નગરમાં નીકળેલી ધજાની શોભાયાત્રામાં મોટી સંખ્યામાં રામદેવપીરના ભક્તો જોડાયા હતા. શોભાયાત્રામાં હાજરી આપનાર રામદેવના સંત ભગતને આરતી દરમિયાન રામદેવની હાજરી આવતા જય બાબારી...જય રામદેવ પીર...ના જયકાર થી વાતવરણ ગુંજી ઉઠ્યું હતું



શહેરા તાલુકાના ખાંટના મુવાડા બાહીથી છેલ્લા ૧૭ વર્ષથી પગપાળા સંઘ અંબાજી જતો હોય છે. ત્યારે ચાલુ વર્ષ પણ અંબાજી પગપાળા સંઘ રવાના થયો.

# વી.એમ.શાહ પ્રાથમિક શાળા અને એમ.એમ.શાહ સેકન્ડરી સ્કુલ કાંકણપુર મુકામે શિક્ષક દિન ઉજવાયો

તાજેતરમાં જ ૫ સપ્ટેમ્બર ડોક્ટર સર્વપલ્લી રાધાકૃષ્ણનના જન્મદિવસ નિમિત્તે વી.એમ. શાહ પ્રાથમિક શાળા અને એમ.એમ શાહ સેકન્ડરી સ્કુલ કાંકણપુર મુકામે ધોરણ ૫ થી ૧૦ના બાળકો દ્વારા ઉત્સુકતાપૂર્વક શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવી હતી. બાળકો દ્વારા કેમ્પસ ડાયરેક્ટર આચાર્ય શિક્ષક ક્લાર્ક તેમજ સેવક ભાઈઓના કિરદારમાં પોતાની યોગ્યતા પ્રમાણે સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. દરેક બાળકોને શાળાના ટ્રસ્ટી દ્વારા પ્રોત્સાહન પારિતોષિક તેમજ ઉત્કૃષ્ટ કામગીરી કરવા બદલ ધોરણ ૫ થી ૮ તેમજ ધોરણ ૯ અને ૧૦ ના બાળકો પૈકી ૧ થી ૩ નંબર આપી શાળાના શિક્ષકગણ અને આચાર્ય દ્વારા તેમને બહુમાન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં એકથી ત્રણ ક્રમાંક મેળવનારા વિદ્યાર્થીઓ સર્વ પરમાર અંકિતા ધોરણ-૬, ચૌધરી ખુશ્બુ ધોરણ-૮, દિવાણી વંશી ધોરણ-૭, પરમાર માર્ગી ધોરણ-૧૦, લુહરિયા વિશાખા ધોરણ-૯, વણઝારા કલ્પરાજ ધોરણ-૧૦ નો સમાવેશ થાય છે.

# કાંકણપુર આર્ટસ અને કોમર્સ કોલેજમાં પ્રથમ ઈન્ફોટેક ફાઉન્ડેશન દ્વારા સેમિનાર યોજાયો



કાંકણપુર,

શ્રી જે.એલ.કે. કોટેચા આર્ટસ એન્ડ એસ.એચ ગાર્ડી કોમર્સ કોલેજ, કાંકણપુરમાં પ્રથમ ઈન્ફોટેક ફાઉન્ડેશન દ્વારા સેમિનાર કરવામાં આવ્યો. IBM સ્કિલબિલ્ડએ એક મફત શિક્ષણ કાર્યક્રમ છે, જે પુખ્ત વિદ્યાર્થીઓ અને યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ અને શિક્ષકોને મૂલ્યવાન નવી કુશળતા વિકસાવવામાં અને કારકિર્દીની તકો મેળવવામાં મદદ કરે છે. આ પ્રોગ્રામમાં ભાગીદારોના વૈશ્વિક નેટવર્ક સાથે મળીને વિતરિત વૈવિધ્યપૂર્ણ વ્યવહારૂ શિક્ષણના અનુભવો દ્વારા પૂરક ઓનલાઈન પ્લેટફોર્મનો સમાવેશ થાય છે. આ સેમિનાર માં જે.એલ.કે. કોટેચા આર્ટસ એન્ડ એસ.એચ.ગાર્ડી કોમર્સ કોલેજ, કાંકણપુરના આચાર્યડો. જે.પી. પટેલ અને પ્રથમ ઈન્ફોટેક ફાઉન્ડેશન પંચમહાલ માંથી ડિસ્ટ્રીક હેડ જમીલા શેખ હાજર રહ્યા હતા અને વિદ્યાર્થીઓને માર્ગદર્શન અને પ્રોત્સાહન પૂરૂં પાડ્યું હતું. સેમિનારમાં વિદ્યાર્થીઓને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI), જોબ એપ્લિકેશન એસેન્શિયલ્સ અને માહિતી ટેકનોલોજી મૂળભૂત જેવા કોર્સ કરાવવામાં આવ્યા હતા. આ વર્કશોપમાં ૧૫૦ થી વધારે વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો અને ઈ લર્નિંગ સર્ટિફિકેટ મેળવ્યા. આ વર્કશોપનું આયોજન ડો. એમ.સી. રાઠવા અને વિનોદ ગરાસિયા અને ઈમરાનખાન પઠાણ, જશવંત ડામોર દ્વારા કરવામાં આવ્યું હતું.

# શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી, વિંઝોલ ગોધરામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ ઈન્ટર કોલેજ બોક્સસિંગ ગેમમાં પ્રથમ નંબરે

હાલોલ,

હાલોલ ખાતે આવેલ એમ.વી. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ દ્વારા આયોજીત શ્રીગોવિંદ ગુરૂ યુનિવર્સિટી ઈન્ટર કોલેજ બોક્સિંગમાં લાકોડના મુવાડા ગામના વતની અને શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી ડિપાર્ટમેન્ટ ઓફ સોશ્યોલોજીમાં અભ્યાસ કરતો વિદ્યાર્થી વિજય સોલંકી, કાંકણપુર બી.એડ. કોલેજનો વિદ્યાર્થી જયદીપસિંહ ચૌહાણ તેમજ કાંકણપુર ખાતે આવેલ જે.એલ.કે.કોટેચા આર્ટસ અને એસ.એચ. ગાર્ડી કોમર્સ કોલેજમાં અભ્યાસ કરતા હિતેન્દ્રકુમાર ચૌહાણ, જીજ્ઞેશ ચૌહાણ પ્રથમ નંબર તેમજ વિશ્વજીત ચૌહાણે બીજો નંબર મેળવી ગોધરા તાલુકાના લાકોડના મુવાડા ગામનું અને યુનિવર્સિટી અને કોલેજનું નામ રોશન કર્યું હતું. જે માટે યુનિવર્સિટીનાં કુલપતિ ડો. પ્રતાપસિંહ ચૌહાણ, કુલસચિવ ડો.અનિલભાઈ સોલંકી અને સમાજશાસ્ત્ર અનુસ્નાતક વિભાગનાં અધ્યક્ષ ડો.જગદીશ પટેલ, અધ્યાપક ડો.પ્રહલાદભાઈ વણઝારા, ડો.દિપીકા પરમાર,ડો.કરણ ભિલેચા સહિત સ્પોર્ટ કોચ ડો. શૈલેષ પટેલે તમામ વિદ્યાર્થીઓને ખુબ ખુબ અભિનંદન પાઠવ્યા હતા તેમજ આગળનાં રાઉન્ડમાં વિજેતા બની શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીનું નામ રોશન કરે તેવી શુભકામનાઓ પણ પાઠવી હતી. તો બીજી બાજુ લાકોડના મુવાડા ગામના જ એક સાથે પાંચ વિદ્યાર્થીઓ અલગ અલગ વેઈટમાં બોક્સિંગમાં પ્રથમ નંબર મેળવતા સમગ્ર ગામમાં ખુશીનો માહોલ છવાય ગયો હતો. ત્યારે ગામના વડીલો તેમજ યુવાનોએ પણ તેઓ ખૂબ આગળ વધે તેવી શુભકામનાઓ પાઠવી હતી

# શહેરામાં ચેક પરત ફરવાના કેસમાં આરોપીને એક વર્ષની સજા

શહેરા,

શહેરા ખાતેના ચેક રિટર્ન થવાના કેસમાં આરોપીને એક વર્ષની સાદી કેદની સજા સાથે રૂ.૩.૩૦ લાખની રકમ પરત કરવાનો શહેરા કોર્ટ દ્વારા હુકમ ફટકારવામાં આવ્યો હતો.

શહેરાના કૃપાલીબેન કંસારાએ લુણાવાડા તાલુકાના વેચાતના મુવાડા ખાતે રહેતા ભરતભાઈ પાસેથી ગાડી ખરીદી હતી. જેના પૈસા પણ કૃપાલીબેને આપી દીધા હતા. જે બાદ ભરતભાઈએ ગાડીની જરૂર હોવાનુ કહીને ત્રણ દિવસ માટે ગાડી લઈ ગયા બાદ અમારે ગાડીને લઈને ઘરમાં કંકાસ થાય છે ગાડી આપવી નથી. તેમ કહીને કૃપાલીબેનને રૂ.૩.૮૦ લાખનો ચેક આપ્યો હતો. જોકે આ ચેક બેંકમાં જમા કરાવતા અપર્યાપ્ત બેલેન્સ હોવાથી રિટર્ન થયો હતો. જે બાદ તેમણે ભરતભાઈનો સંપર્ક કરતા તેમણે થોડા સમય બાદ ચેક ફરીથી નાંખવા જણાવ્યુ હતુ. જેથી થોડા સમય બાદ કૃપાલીબેને ફરી ચેક નાંખતા તે વખતે પણ ચેક પરત ફર્યો હતો. જેથી કૃપાલીબેને શહેરા કોર્ટમાં ફરિયાદ દાખલ કરી હતી. જે અંગેનો કેસ અ ે િ ડ . ચ ી ફ જ્યુડિ.મેજી.એસ.આર.તાપીઆવાલાની સમક્ષ ચાલવા પર આવતા તેમના વકીલની ધારદાર દલીલોને ગ્રાહ્ય રાખી આરોપી ભરતભાઈ રાવળે કૃપાલીબેનને રૂ.૫૦ હજાર ચુકવી આપ્યા હતા. પરંતુ બાકીના પૈસા આપ્યા ન હોવાથી કોર્ટ આરોપીને એક વર્ષની સાદી કેદની સજા ફરમાવી બાકીના રૂ.૩.૩૦ લાખની રકમ પરત કરવાનો હુકમ ફટકાર્યો હતો.

**ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ**
**ટેન્ડર નોટીસ નં- ૦૪ (બીજો પ્રયત્ન)**

ઈ-ટેન્ડર આઈ.ડી. નં.- ૧૦૫૫૯૮

કાર્યપાલક ઈજનેરશ્રી, જાહેર આરોગ્ય બાંધકામ વિભાગ, સિલ્વર પ્લાઝા કોમ્પલેક્ષ, ધાનકાવાડ, ગોધરા, જીલ્લો-પંચમહાલ-૩૮૯૦૦૧, ફોન નં-૦૨૬૭૨-૨૪૧૯૪૧ દ્વારા નીચેના કામો માટે ઈ-ટેન્ડરો મંગાવવામાં આવે છે.

(૧) કામનું નામ-એકશન પ્લાન ૨૦૨૪-૨૫ (મ.અને નિ.) અતગર્તની પંચમહાલ જીલ્લાના કાલોલ તાલુકાની પી.એમ.-૩ બી જુથ પાણી પુરવઠા યોજનાની મરામત અને નિભાવણીની (સિવિલ)૦૭ માસ માટેની કામગીરી, અંદાજીત કિંમત રૂા. ૪૨.૯૫ લાખ (કુલ એક કામ) (૨) એજન્સીની પાત્રતા-ઉકત કામગીરી માટે માર્ગ અને મકાન વિભાગ તથા સિંચાઇ ખાતાના યોગ્ય શ્રેણીમાં રજીસ્ટ્રેશન ધરાવતા તથા ટેન્ડરમાં જણાવ્યા મુજબની જરૂરી લાયકાત ધરાવતાં ઠેકેદારશ્રીઓ પાસેથી ઓનલાઇન ભાવો માંગવામાં આવે છે. (૩) ઉકત કામોની બાનાની રકમ/ટેન્ડર ફી તથા અન્ય વિગતો ઉપરોકત સરનામે રૂબરૂ અથવા ફોન દ્વારા તેમજ વેબસાઇટ http//gwssb.nprocure.com ઉપર જોઈ શકાશે. ટેન્ડર ઓનલાઇન ભરવાની છેલ્લી તારીખ-૨૦/૦૯/૨૦૨૪, ૧૮.૦૦ કલાક સુધી તથા ફિઝીકલ દસ્તાવેજો કચેરીમાં આર.પી.એડી./ હાથો હાથ/કુરીયર થી સબમિશન કરાવવાની છેલ્લી તારીખ-૨૧/૦૯/ ૨૦૨૪, ૧૫.૦૦ કલાક સુધીની રહેશે. સદર ટેન્ડર કોઈપણ કારણ દર્શાવ્યા સિવાય રદ કરવાનો અધિકાર આ કચેરીને અબાધિત રહેશે. આ કામની ટેન્ડર નોટીસ અને ટેન્ડર ડોકયુમેન્ટ/સુધારા કે કોઈપણ ફેરફાર હવે પછી વેબસાઇટ ઉપર મુકવામાં આવશે.

*ગ્રામ્ય વિસ્તારની પીવાના પાણીની સમસ્યા અંગે ગુ.પા.પુ. અને ગ.વ્ય. બોર્ડનો હેલ્પલાઇન નંબર-૧૯૧૬ ઉપર જનતાએ સંપર્ક કરવા અનુરોધ છે. *

( માહિતી/ગોધરા/૩૬૧/૨૪)



શિવ ગંગા ગ્રુપ યુવક મંડળ ગોધરા



માર્કેટીંગ યાર્ડ યુવક મંડળ ગોધરા



શ્રી વરૂણદેવ ગ્રુપ બહારપુરા ગોધરા



સરકાર યુવક મંડળ ગોધરા



રાણા સોસાયટી યુવક મંડળ ગોધરા